સ્નપયતીર્થકૃતં ગુણવારિધિં, વિમલતા ક્રિયતાં ચ નિજાત્મન (૨)
જનમનોમણિભાજનભારયા, શમરસૈકસુધારસધારયા.
સકલબોધકલારમણીયકં. સહજસિદ્ધમહં પરિપૂજયે (૩)

[illegible]

જન્મજરામૃત્યુનિવારણાય, અજ્ઞાનોચ્છેદકાય, શ્રીમતે વીર-
જિનેંદ્રાય, જલં યજામહે સ્વાહા.

(ઇતિ અજ્ઞાનોચ્છેદનાર્થં પ્રથમ જલપૂજા સંપૂર્ણ) ૧

અથ દ્વિતીય ચંદનપૂજા.

દોહા—મૂલ પ્રકૃતિયે એક એ, ઉત્તર પ્રકૃતિ પાંચ;
મોહસમે પણ નવિ સમે, વિણ ખાયકની આંચ. ૧
તિણે તેહિજ વિધિ સાધવા, પૂજો અરિહા અંગ,
સિદ્ધસ્વરૂપ હૃદય ધરી, ઘોળી કેસર રંગ. ૨

ઢાળ બીજી [ઝુબખડાની દેશી]

બીજી ચંદનપૂજાનારે; કેસરનો કરી ઘોળ પ્રભુપદ પૂજીએ.
બાહિર રંગે ગવેષીને રે, રંગ અભ્યંતર ચોળ. પ્ર૦
પૂજીએ જિન પૂજીયેરે આનંદરસ કલ્લોલ. પ્ર૦ ૧ એ આંકણી.
ચુર પગઈ ધૂર કર્મનીરે, બંધ ત્રિભંગ પ્રકાર પ્ર૦
ખય ઉપશમ ગુણ નીપજેરે, અડવીશ ઉપર ચાર પ્ર૦ ૨
ત્રણશેં ચાલીશ ઉત્તરૂ રે, બહુવાદિક પદ બાર. પ્ર૦
પૂજ્ય વિશેષાવશ્યકેરે, નંદીસૂત્ર મોઝાર. પ્ર૦ ૩
બંધહેતુ છતે પામીયે રે, મતિ આવરણ બલેણ. પ્ર૦
ધ્રુવબંધિ પ્રકૃતિ ટળે રે, જબ લહે ખાયક શ્રેણ. પ્ર૦ ૪
જિમ રોહે નૃપ રીઝવ્યોરે, રીઝવવો એક સાંઈ. પ્ર૦
શ્રીશુભવીરને આશરે રે, નાસે કર્મ બલાય. પ્ર૦ ૫

કાવ્યં-દ્રુતવિલંબિતદ્વયમ્.

જિનપતેર્વરગંધસુપૂજનં, જનિજરામરણોદ્‌ભવભીતિહૃત;
સકલરોગવિયોગવિપદ્ધરં, કુરૂ કરેણ સદા નિજપાવનમ્ ૧

સહજકર્મકલંકવિનાશનૈ–રમલભાવસુવાસનચંદનૈઃ,
અનુપમાનગુણાવલિદાયકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨

અથ મંત્ર--ૐ હ્રીં શ્રી પરમ૦ મતિજ્ઞાનાવરણનિવારણાય, શ્રીમતે વીરજિનેંદ્રાય, ચંદન ય૦ સ્વાહા.

(ઇતિ મતિજ્ઞાનાવરણનિવારણાર્થં દ્વિતીય ચંદનપૂજા સંપૂર્ણ.)

અથ તૃતીય પુષ્પપૂજા.

દોહા.

શ્રુતજ્ઞાનાવરણી તણો, તું પ્રભુ ટાલણહાર,
ક્ષાયુમેં શ્રુતકેવળી કર્યા, દેઈ ત્રિપદી ગણધાર. ૧
સુમનસ વૃષ્ટિ તેણે કરી, સમવસરણ મોઝાર,
કરતા સુમનસ સુમનસા, પ્રભુ પૂજા દિલધાર. ૨

ઢાળ. ત્રીજી [દ્વેષ ન ધરિયે લાલન દ્વેષ ન ધરિયે—એ દેશી.]

સમવસરણે શ્રુતજ્ઞાન પ્રકાશે, પૂજે સુરનર ફૂલની રાશે, સ્વામી ફૂલની રાશે. કેતકી જાયનાં ફૂલ મંગાવો, ભેદત્રિકે કરી ફૂલ રચાવો. સ્વા૦ ૧ પ્રભુપદ પ્રણમી શ્રીશ્રુત માગો, શ્રુતજ્ઞાનાવરણ તે જેમ જાય આગો, સ્વા૦ ખય ઉપસમ ગુણ જિમ જિમ થાવે, તિમ તિમ આતમગુણ પ્રગટાવે. સ્વા૦ ૨ મતિ વિણ શ્રુત ન લહે કોઈ પ્રાણી, સમકિતવંતની એહ નિશાની, સ્વા૦ ફૂલાદિક શ્રુત નાણ જાણે, ખીર નીર જિમ હંસ [illegible]. સ્વા૦ ૩ ગીતારથ વિણ ઉગ્રવિહારી, તપિયા [illegible] બહુલ સંસારી, સ્વા૦ [illegible] તપ કીય તે [illegible], શ્રી જિનદાસની વાણી વચન પ્રમાણો. સ્વા૦ ૪ [illegible] [illegible], [illegible] મતિજ્ઞાન [illegible], સ્વા૦

મતિ શ્રુત નાણે ચઉ શિવ જાવે, શ્રુત કેવલી શુભવીર વધાવે. સ્વા૦ ૫

કાવ્યં—(દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

સુમનસાં ગતિદાયિ વિધાયિનાં, સુમનસાં નિકરૈઃ પ્રભુપૂજનમ્,
સુમનસાં સુમનોગુણસંગિનાં, જિનવિધેહિ નિધેહિ મનોર્ચને. ૧
સમયસારસુપુષ્પસુમાલયા, સહજકર્મકરેણ વિશોધયા;
પરમયોગબલેન વશીકૃતં, સહજસિદ્ધમહં પરિપૂજયે ૨

અથ મંત્ર—ૐ હ્રીં શ્રીં પરમ૦ શ્રુતજ્ઞાનાવરણનિવારણાય, શ્રીમતે વીરજિનેન્દ્રાય કુસુમાનિ ય૦ સ્વાહા.

(ઇતિ શ્રુતજ્ઞાનાવરણનિવારણાર્થં તૃતીય પુષ્પપૂજા સંપૂર્ણ)

અથ ચતુર્થ ધૂપપૂજા.

દોહા—અવધિજ્ઞાનાવરણના, ક્ષયથી હુઆ ચિદ્રૂપ;
તે આવરણ દહન ભણી, ઉર્ધ્વગતિ રૂપ ધૂપ. ૧

ઢાળ ચોથી

(જિનવર જગત દયાળ ભવિયાં ' જિનવર જગત દયાળ—એ દેશી.)

એ ગુણ જ્ઞાન રસાલ, ભવિયાં! એ ગુણ જ્ઞાન રસાલ;
ધૂપઘટા કરી જ્ઞાનછટા વરી, અવધિ આવરણ પ્રજાલ; ભ૦
ષટ્ ભેદાંતર વૃદ્ધિની રચના, જાણે ખેત્ર ને કાળ. ભ૦ એ૦ ૧
અંગુલ આવલી સખમસંખે, પૂરણે કિંચૂણ કાળ, ભ૦
પૂર્ણાવલિ અંગુલ પુહુત્તે, હસ્તે મુહૂર્ત્ત વિચાલ. ભ૦ એ૦ ૨
કોશ દિનાંતર યોજન દિન નવ, દ્રવ્યપર્યાય વિશાળ, ભ૦
પણુવીશ યોજન પક્ષ અધૂરે, પક્ષે ભરત નિહાલ. ભ૦ એ૦૩
જંબુદ્વીપ તે માસ અધિકે, વરસે અઢીદ્વીપ ભાલ, ભ૦

રૂચકદ્વીપ તે વર્ષ પુહુત્તે, સંખ્યાતે સંખ્યાતો કાળ, ભ૦ એ૦ ૪
કાળ અસંખ્ય દ્વીપ સંખમસંખા, જ્ઞાન પ્રત્યક્ષ ત્રિકાળ; ભ૦
એક સમે અઠ અધિક શત સીઝે, ટાળી ભવ જંજાળ. ભ૦ એ૦ ૫
શિવરાજઋષિ વિભંગને ટાળી, વરિયા શિવ વરમાળ, ભ૦
સાયરદ્વીપ અસંખ્ય દિખાવે, શ્રી શુભવીર દયાળ. ભ૦ એ૦ ૬

કાવ્ય (દ્રુતવિલંબિતવૃત્તદ્વયમ્)

અગરમુખ્યમનોહરવસ્તુનઃ, સ્વનિરૂપાધિગુણૌઘવિધાયિનઃ;
પ્રભુશરીરસુગંધસુહેતુના, રચય ધૂપનપૂજનમર્હતઃ ૧
નિજગુણાક્ષયરૂપસુધૂપનં, સ્વગુણઘાતમલપ્રવિકર્ષણમ્;
વિશદબોધમનંતસુખાત્મકં, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨
અથ મંત્ર—ૐ હ્રીં શ્રી પરમ૦ અવધિઆવરણનિવારણાય
શ્રીમતે વીરજિનેન્દ્રાય ધૂપં ય૦ સ્વાહા.
(ઇતિ અવધિ આવરણનિવારણાર્થં ચતુર્થ ધૂપપૂજા સંપૂર્ણ)

અથ પંચમ દીપકપૂજા.

દોહા—મનપર્યવ આવરણતમ, હરવા દીપકમાળ.
જ્યોતમેં જ્યોત મિલાઇયે, જ્ઞાન વિશેષ વિશાળ. ૧

(રાગ ખાંચમી—[illegible], એ દેશી)

જ્યોતિ જગતને રે, અઢી દ્વીપ પ્રમાણ,
દો દિશે કરી રે, અઢી અંગુલનો તરતમ જાણ,
મેરુ વિપુલમતિ રે, તેહને તે ભવ પદ નિરવાણ,
મુનિવેષ [illegible] રે, નવિ ઉપજે, દો ભેદે નાણ. જ્યોતિ૦ ૧
[illegible] રે, જાણે જ્યોતિ અંતર [illegible];
[illegible] રે, [illegible] એક સમાણ,

અધોલોકમાં રે, યોજન સો અધિકેરા જાણું;
સંજ્ઞી જીવના રે, જાણે મનચિંતન મંડાણ. જ્યોતિ૦ ૨
ઋજુમતિ દ્રવ્યથી રે, અનંત અનંત પ્રદેશ વિચાર;
અસંખિત ભવ કહે રે, પલિય અસંખમ ભાગ ત્રિકાળ;
સવિ પરજાયનો રે, ભાગ અનંતો મનથી સાર;
ચારે ભાવથી રે, અધિકા વિપુલમતિ અણગાર. જ્યોતિ૦ ૩
મતિ શ્રુત નાણશું રે. મનપજ્જવ પામ્યા મુનિરાય;
ખાયક ભાવથી રે, એક સમય દશ મુક્તિ જાય;
ખયઉપશમ પદેરે, મુનિવર તે સાતે ગુણઠાણ,
શ્રી શુભવીરથી રે, જંબુસ્વામી લગે એ નાણ. જ્યોતિ૦ ૪

કાવ્ય (દ્રુતવિલમ્બિતવૃત્તદ્વયમ્)

ભવતિ દીપશિખાપરિમોચનં, ત્રિભુવનેશ્વરસદ્મનિશોભનમ્;
સ્વતનુકાંતિકરં તિમિરં હરં, જગતિ મંગલકારણમાતરમ્. ૧
શુચિમનાત્મચિદુજ્જ્વલદીપકે-જ્વલિતપાપપતંગસમૂહકૈ:,
સ્વકપદં વિમલં પરિલેભિરે, સહજસિદ્ધમહં પરિપૂજયે. ૨
અથ મંત્ર—ૐ હ્રીં શ્રીં પરમ૦ મન:પર્યવાવરણોચ્છેદકાય,
શ્રીમતે વીરજિનેન્દ્રાય દીપં ય૦ સ્વાહા.
(ઇતિ મન:પર્યવાવરણોચ્છેદનાર્થં પંચમ દીપક પૂજા સંપૂર્ણ)

અથ ષષ્ટ અક્ષતપૂજા

દોહા—ઘનઘાતી ઘાતે કરી, જેહ થયા મુનિભૂપ,
બહિરાતમ ઉચ્છેદીને, અંતર આતમરૂપ. ૧

(ઢાળ છઠ્ઠી—સાહેલડીઆં—એ દેશી)

અક્ષતપદ વરવા ભણી, સુણો સંતાજી, અક્ષતપૂજા સાર, ગુણવંતાજી, અક્ષત ઉજ્જવલ તંદૂલા સુ૦ ઉજ્જવલ જ્ઞાન

તસ લઘુ બાંધવ રાજનગરમેં, મિથ્યાત પુંજ જલાયો;
પંડિત વીરવિજય કવિ રચના, સંઘ સકળ સુખદાયો રે.
મહા૦ ૧૧

પહેલો ઉત્સવ રાજનગરમેં, સંઘ મળી સમુદાયો;
કરતા જેમ નંદીશ્વર દેવા, પૂરણ હર્ષ સવાયો રે.
મહા૦ ૧૨

કવિત

શ્રુતજ્ઞાન અનુભવ તાન મંદિર, બજાવત ઘંટા કરી,
નવ મોહપુંજ સમૂલ જલતે, ભાંગતે મગ ડીકરી;
કુમ રાજતે જગ ગાજતે દિન અખય તૃતીયા આજયેં,
ગુણવીર વિક્રમ વેદ મુનિ વસુ, ચંદ્ર (૧૮૭૪) વર્ષ વિરાજતે.


મંત્ર–

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ-નિવારણાય પ્રથમ કર્મોચ્છેદકાય શ્રીમતે વીરજિનેંદ્રાય જલં યજામહે સ્વાહા.

પ્રથમ કર્મચ્છેદનાર્થે અષ્ટમ જળપૂજા સંપૂર્ણ
પ્રથમ દિવસ [illegible] જ્ઞાનાવરણીયકર્મછેદનાર્થ
પ્રથમ પૂજાષ્ટક સંપૂર્ણ

વિધિ—આ પ્રમાણે હવે પછી પ્રત્યેક દિવસે જે જે [illegible] પૂજા, તે તે પૂજાના જે બે કાવ્યો હોય તે બે કાવ્ય [illegible] તે તે પૂજાના અંતમાં જાણવા, તથા મંત્રપદ [illegible] [illegible] અને [illegible] પૃષ્ઠ (૫૮) પર છે, તે પણ પ્રત્યેક [illegible] આઠ પૂજા પૂરી થાય ત્યારે [illegible]

શ્રી સિદ્ધપદ—



પ્રથમ ખંડનો—ત્રીજો વિભાગ.

॥ सिद्धाणमानन्दरमालयाणं,
नमो नमोणंत चउक्कयाणं. ॥

अनन्तं केवलज्ञानं, ज्ञानावरणसंक्षयात् ॥
अनन्तं दर्शनं चापि, दर्शनावरणक्षयात् ॥ १ ॥
क्षायिके शुद्धसम्यक्त्व-चारित्रे मोहनिग्रहात् ॥
अनन्ते सुखवीर्ये च, वेद्यविघ्नक्षयात् क्रमात् ॥ २ ॥
आयुषः क्षीणभावत्वात्, सिद्धानामक्षया स्थितिः ॥
नामगोत्रक्षयादेवाऽ-मूर्तानन्तावगाहना ॥ ३ ॥

શ્રીસિદ્ધપદની ઓળખાણ—આત્મા અરિહંત પણે અથવા સામાન્ય કેવળીપણે સમુદ્ઘાત કરીને કે

કર્યા વગર શૈલેશીકરણ કરી પ્રથમ આયુષ્ય સમાપ્ત કરવાના પૂર્વ સમયે એટલે દ્વિચરમ સમયે કર્મની ૭૨ પ્રકૃતિઓનો ક્ષય કરે છે, ને છેલ્લે સમયે ૧૩ કર્મપ્રકૃતિઓનો ક્ષય કરે છે, પાચ હ્રસ્વાક્ષર કાળ પ્રમાણ અયોગી ગુણસ્થાનક સ્પર્શીને કર્મ વિમુક્ત અગ્નિ તપ્ત કાંચન સમાન શુદ્ધ બની મોક્ષ મેળવે છે. અહિંથી સદા-સર્વદાને માટે શરીરનો ત્યાગ કરી એકજ સમયમાં સિદ્ધિગતિમાં સ્થિર થાય છે. ત્યાગ કરતા શરીરમાં જે પ્રમાણે રહ્યો હોય છે તે કરતાં ⅓ ન્યૂન અર્થાત્ ⅔ ભાગ અવગાહનાએ મુક્તિમા શાશ્વત પણે લોકાગ્રને સ્પર્શીને રહે છે. કર્મવિમુક્ત થયા છતા આત્મા મોક્ષમાં જવાને ગતિ કરે છે. જેમ કુંભાર પોતાના ચાકડાને લાકડાની દાંડીથી ખૂબ ભમાવીને દાંડી કાઢી લે તો પણ ભમ્યા કરે છે-ગતિ કરે છે, તેમ ભ્રમણશીલતા ખૂબ અનુભવવાને કારણે મુક્તાત્મા ગતિ કરી લોકાન્તે જાય છે. કાદવથી ભારે થઇ ગએલ તુંબડું પાણીમાં ડૂબેલુ તળીએ હોય, પણ કાદવ ધોવાઇ જાય એટલે તુરત ગતિ કરી પાણીની ઉપર આવીને રહે છે, તેમ કર્મમલ ધોવાઇ જાય ત્યારે આત્મા સંસારની ઉપર જઇને લોકાન્ત સ્પર્શીને રહે છે. બાંધી રાખેલ એરંડાનું ફળ બન્ધન છોડતા માત્રથી જેમ ચારે તરફ ગતિ કરે છે, તેમ બન્ધનમુક્ત આત્મા ગતિ કરી સિદ્ધશિલામા જાય છે. જેમ ધૂમાડો સ્વભાવે ઊંચે જ ગતિ કરે છે તેમ આત્મા આત્મ સ્વભાવે ઊંચે ગતિ કરી લોકાન્તે પહોંચે છે. પિસ્તાલીશ લાખ યોજન [illegible] સ્ફટિક સમાન સ્વચ્છ અર્જુન સુવર્ણની [illegible] છે. [illegible] એક યોજન લોકાન્ત છે ત્યાં

સિદ્ધાત્માઓ અવસ્થિતપણે રહે છે. તેમને ફરી જન્મ લેવાનો નથી, શરીર નથી, કોઈ પણ પ્રકારની પીડા નથી. એવા સિદ્ધો અનન્ત છે. સમયાન્તર જ્ઞાનદર્શનોપયોગને અનુભવે છે. જેઓ રૂપ, રસ, ગન્ધ સ્પર્શ વગેરે ગુણથી રહિત છતાં અનન્ત ગુણવાળા છે. એકત્રીશ ગુણે સિદ્ધાત્માને સમજી શકાય છે. આઠ કર્મના ક્ષયથી ઉત્પન્ન આઠ ગુણે સિદ્ધની આરાધના કરાય છે. જેનો સંપૂર્ણ ખ્યાલ સર્વજ્ઞ ભગવતો જાણુતા છતાં કહી શકતા નથી એવું અદ્ભુત ને અગોચર સિદ્ધનુ સ્વરૂપ છે જંગલમા ચિરવાસવસેલાને જાણકાર પણ નગરના સ્વરૂપને ન સમજાવી શકે એવી જ સ્થિતિ સિદ્ધોના વર્ણન માટે કેવળજ્ઞાનીની છે. સંસારના સમગ્ર સુખને અનન્ત વર્ગ કરીને સિદ્ધના એક પ્રદેશના સુખની સાથે તેની તુલના કરવામાં આવે તો પણ બરાબરી ન થઇ શકે. સિદ્ધના સુખનો એક અંશ પણ લોકાકાશમા ન માય એટલુ તેમને સુખ છે.

૧, અરિહંતો જિન સિદ્ધ છે. ૨. પુંડરીકસ્વામી વગેરે અજિન સિદ્ધ છે. ૩. ગણધરો તીર્થ સિદ્ધ છે. ૪. મરુદેવી માતા અતીર્થસિદ્ધ છે. ૫. ભરત ચક્રવર્તી ગૃહસ્થલિંગ સિદ્ધ છે. ૬. વલ્કલચીરી અન્યલિંગ સિદ્ધ છે. ૭. સાધુઓ સ્વલિંગ સિદ્ધ છે. ૮, ચન્દનબાળા વગેરે સ્રીલિંગસિદ્ધ છે. ૯, ગૌતમસ્વામી વગેરે પુલ્લિંગ સિદ્ધ છે. ૧૦, ગાગેય વગેરે નપુંસકલિંગ સિદ્ધ છે. ૧૧, કરકંડુ વગેરે પ્રત્યેક બુદ્ધ સિદ્ધ છે. ૧૨ કપિલ વગેરે સ્વયંસંબુદ્ધ સિદ્ધ છે. ૧૩, ગુરૂથી બોધ પામીને સિદ્ધિ પામે તેઓ બુદ્ધબોધિતસિદ્ધ છે. ૧૪, એક સમયે એક

સિદ્ધિ પામે તે એક સિદ્ધ છે ૧૫ એક સમયે અનેક સિદ્ધિ પામે તે અનેકસિદ્ધ છે. એ પ્રમાણે સિદ્ધો પંદર ભેદે છે. શ્રીસિદ્ધ પરમાત્મા અમને સિદ્ધિને સમર્પો.

શ્રી સિદ્ધપદનું આરાધન—શ્રી સિદ્ધપદના આઠ ગુણ છે તે માટે આઠ ભેદે તેમનું આરાધન કરાય છે. ૧. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી અનન્તજ્ઞાન ગુણ પ્રકટ્યો છે. ૨. દર્શનાવરણીય કર્મના ક્ષયથી અનન્ત દર્શન ગુણ પ્રકટ્યો છે. ૩ વેદનીય કર્મના ક્ષયથી અવ્યાબાધ સુખ ગુણ પ્રકટ્યો છે. ૪. મોહનીય કર્મના ક્ષયથી ક્ષાયિક સમ્યકત્વ અને અનન્ત ચારિત્ર ગુણ પ્રગટ્યા છે. ૫. આયુષ્ય કર્મના ક્ષયથી અક્ષયસ્થિતિ–ફરી જન્મ ન લેવા રૂપ શાશ્વતસ્થાન ગુણ પ્રકટ્યો છે ૬. નામ કર્મના ક્ષયથી અનંત અવગાહન યુક્ત અમૂર્ત ગુણ પ્રકટ્યો છે. ૭. ગોત્રકર્મના ક્ષયથી અનંત અવગાહના યુક્ત અગુરૂલઘુ ગુણ પ્રગટ્યો છે. ૮. અન્તરાય કર્મના ક્ષયથી અનન્ત આત્મ વીર્ય વગેરે ગુણ પ્રકટ્યા છે. આ આઠ સિદ્ધના પ્રધાન ગુણો છે. તે ગુણો મેળવવા માટે આરાધના આઠ ભેદે કરાય છે.

શ્રી સિદ્ધપદનો વર્ણ લાલ શા માટે?—શ્રી સિદ્ધપદનું આરાધન લાલ વર્ણે કરાય છે, કારણ કે (૧) સિદ્ધો સંપૂર્ણ સુખી છે. વ્યવહારમાં શરીર અને વસ્ત્ર કેસર [illegible] તરવરતાં હોય ત્યારે તેને સુખી કહેવામાં આવે છે લાલ વર્ણ સુખનો ખ્યાલ આપે છે એ ખ્યાલ સિદ્ધોને માટે [illegible] માટે આરાધના લાલ વર્ણે છે (૨) [illegible] [illegible] વર્ણ લાલ [illegible] છે. આ [illegible]

રાગવાળો છે એમ જણાવવામાં રક્ત શબ્દ વપરાય છે. રક્તનો અર્થ લાલ એવો પણ થાય છે. સિદ્ધિ વધૂ સાથે રક્ત બની સતત રમણ કરતાં સિદ્ધો રક્ત–લાલ ખરેખર છે. (૩) સિદ્ધોનો ખરો ખ્યાલ કર્મવિમુક્તના ખ્યાલથી આવે છે. સિદ્ધ ભગવંતોએ અગ્નિ જેવા લાલચોળ બની કર્મકાષ્ઠ પ્રજાળ્યાં છે, એ ભાન લાલ વર્ણ કરાવે છે (૪) મંત્રશાસ્ત્રમા જુદા જુદા કાર્યોને સિદ્ધ કરવા જુદા જુદા વર્ણો નિશ્ચિત કર્યા છે. તેમાં વશીકરણ માટે લાલ વર્ણ છે. સિદ્ધપદના આરાધક આત્માને મુક્તિ રમણીનુ વશીકરણ કરવું છે, માટે લાલ વર્ણે આરાધન કરવામાં આવે છે.

શ્રી સિદ્ધપદના આરાધનનું ધ્યેય—શ્રી સિદ્ધપદનો આરાધક આત્મા આરાધના કરતાં એક ધ્યેય પ્રધાનપણે કેળવે તે એ કે પોતે કોઈ પણ કાર્યમાં નિષ્ફળ ન જવો જોઇએ. તે ખરાબ કાર્ય કરે નહિ ને સારૂ કાર્ય પાર પાડયા વગર રહે નહિ. વિશ્વમા સારા સારા કાર્યોમા સિદ્ધિ વરતો આત્મા એક વખત સપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરશે.

સર્વે સિદ્ધિ વરો ને શાશ્વત સુખના ભોગી બનો



બીજે દીવસ

પદ- શ્રીસિદ્ધપદ.
કાઉસગ્ગ-આઠ લોગસ્સનો
વર્ણ-લાલ, એક ધાન્યનુ
આયબીલ, તે ઘઉંનું કરવું.
સ્વસ્તિક-આઠ.

નવકારવાલી-વીસ,
જાપ-ૐ હ્રીઁ નમો સિદ્ધાણં.
પ્રદક્ષિણા તથા
ખમાસમણાં-આઠ

ખમાસમણાનો દુહો—

રૂપાતીત સ્વભાવ જે, કેવલ દંસણ-નાણીરે;
તે ધ્યાતા નિજ આતમા, હોવે સિદ્ધ ગુણખાણીરે. વીર૦
વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈરે;
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈરે. વીર૦

સિદ્ધપદના આઠ ગુણ.

૧ અનન્તજ્ઞાનસંયુતાય શ્રીસિદ્ધાય નમઃ
૨ અનન્તદર્શનસંયુતાય શ્રીસિ૦
૩ અવ્યાબાધગુણસંયુતાય શ્રીસિ૦
૪ અનન્તચારિત્રગુણસંયુતાય શ્રીસિ૦
૫ અક્ષયસ્થિતિગુણસંયુતાય શ્રીસિ૦
૬ અરૂપિનિરંજનગુણસંયુતાય શ્રીસિ૦
૭ અગુરૂલઘુગુણસંયુતાય શ્રીસિ૦
૮ અનન્તવીર્યગુણસંયુતાય શ્રીસિ૦

અથ દ્વિતીયદિવસેઽધ્યાપનીય દર્શનાવરણીયકર્મ સૂદનાર્થં-દ્વિતીયપૂજાષ્ટક પ્રારંભ.

[આ પૂજામાં જોઈતી ચીજોનાં નામ]

[૧ નદીનાં જળ, ૨ ચંદન કેશર, ૩ મરૂઆ ડમરાનાં ફૂલ, ૪ અષ્ટાંગ ધૂપ, ૫ નવ દીવેટનો દીવો તથા બીજો બે દીવેટનો દીવો, ૬ કમોદના ચોખા, ૭ નૈવેદ્ય, ૮ ફળ.]

પ્રથમ જળપૂજા.

દોહા—દર્શનાવરણ તે વરણવું, નવ પગઈ દૂરદંત,
દરિસણ નિદ્રા ભેદથી, ચઉ પણ કહે અરિહંત. ૧
બંધોદય સત્તા ધ્રુવા, પયડી નવ તિમ પંચ,
નિદ્રા અધ્રુવોદય કહી, સર્વઘાતિ પણ પંચ. ૨
દંસણતિગ દેશઘાતિયાં, કેવળદંસણ એક;
સર્વઘાતિ મેં દાખિયો, વાદલ મેઘ વિવેક. ૩
બિકટ નિકટ ઘટ પટ લહે, જિમ આવરણ વિયોગ;
જ્ઞાનાંતર ક્ષણથી સહુ, સામાન્યે ઉપયોગ. ૪
એ આવરણબળે કરી, ન લહ્યું દર્શન નાથ,
નૈગમ દર્શન ભટકિયો, પાણી વલોવ્યું હાથ. ૫
પૂરણ દર્શન પામવા, ભજિયે ભવિ ભગવંત;
દૂર કરે આવરણને, જિમ જળથી જળકંત. ૬

ઢાળ પહેલી.

(નમો નમો રે શ્રી શેત્રુંજા ગિરિવર–એ દેશી)

માગધ ને વરદામ પ્રભાસહ, ગંગાનીર વિવેક રે;
દર્શનાવરણ નિવારણ કારણ, અરિહાને અભિષેક રે
નમો રે નમો દર્શનદાયકને. ૧ એ આંકણી.

દર્શનનાયક શ્રી જિનવર તું, લાયકતાને લાગરે;
પ્રીત પટંતર હોય ન છાજે, જો હોય સાચો રાગ રે. નમો૦ ૨
રાગ વિના નવિ રિઝે સાંઇ, નિરાગી વીતરાગ રે;
જ્ઞાનનયન કરી દર્શન દેખે, તે પ્રાણી વડભાગ રે. નમો૦ ૩
ચઉ દંસણ પ્રકૃતિ સૂક્ષ્મ બંધે, ઉદયાદિક ખીણુ અંત રે;
તે આવરણ કઠિન મલ ખાલી, સ્નાતક સંત પ્રસંત રે. નમો૦ ૪
ગ્રંથિ વિકટ જે પોલ પોલીયો, રોકે દર્શન ભૂપ રે;
શ્રી શુભવીર જો નયન નિહાળે, સેવક સાધન રૂપરે. નમો૦ ૫
કાવ્યં—તીર્થોદકૈઃ ૧ સુરનદી૦ ૨ જનમનો૦ ૩ (પૃષ્ઠ ૫૦મા)
મંત્ર—ૐ હ્રીં શ્રીં પરમ૦ બંધોદયનિવારણાય જલં યજામહે સ્વાહા.

(ઇતિ બંધોદયનિવારણાર્થં પ્રથમ જલપૂજા સંપૂર્ણ)

દ્વિતીય ચંદનપૂજા.

દોહા—ઉપદેશક નવ તત્ત્વના, પ્રભુ નવ અંગ ઉદાર,
નવ તિલકે ઉત્તર નવ, પગઈ ઢાળશુદ્ધાર ૧

ઢાળ બીજી

([illegible])
તુજ મૂરતિ મોહનગારી, રસિયા તુજ મૂરતિ મોહનગારી,
[illegible] પરમાનંદ [illegible], ચઉગુણ પડિમા પ્યારી, રસિયા તુ૦
[illegible] ન નિરખી, કુમતિ કદાગ્રહ ધારી.
રસીયા૦ તુ૦ ૧
[illegible] નવ [illegible] નિવારી, રસિયા૦ તુ૦
[illegible] ૨ તુ૦
[illegible], રસિયા૦ તુ૦

દર્શનાવરણ પ્રથમ ઉદયેથી, પરભવ એહ વિચારી.
રસિયા૦ તુ૦ ૩
અલ્પ તેજ નયનાતપ દેખી. જૂએ આડો કર ધારી, રસિયા૦તુ૦
જાણુ પૂરવ ભવ કુમતિની, હજીય ન ટેવ વિસારી. રસિયા૦ તુ૦૪
જયણાયુત ગુરૂ આગમ પૂજો, જિનપડિમા જયકારી, રસિયા૦તુ૦
શ્રીશુભવીરનુ શાસન વરતે, એકવીશ વરસ હજારી.
રસીયા૦ તુ૦ ૫
કાવ્યં—જિનપતે૦ ૧ સહજ કર્મ૦ ૨ (પૃષ્ઠ ૫૧–૫૨ માં)
મંત્ર—ૐ હ્રીં શ્રી પરમ૦ ચક્ષુર્દર્શનાવરણનિવારણાય ચંદનં ય૦ સ્વાહા.
(ઇતિ ચક્ષુર્દર્શનાવરણનિવારણાર્થં દ્વિતીય ચદન પૂજા સપૂર્ણ)

તૃતીય પૂષ્પપૂજા.

દોહો—ફૂલ અમૂલક પૂજના, ત્રિશલાનંદન પાય,
સુરભિ દુરભિ નાસા પ્રમુખ, અચક્ષુઆવરણ હઠાય. ૧

ઢાળ ત્રીજી.

(રાજા પધારો મેરે મંદિરે–એ દેશી.)

ડમરો મરૂઓ કેતકી ફૂલે, પૂજાફલ પરકાશ્યાંજી;
ભોગીનિવાસા સંયુત આશા, લક્ષણવંતી નાસા; ભવ ભવ ઠરિયેજી,
જિનગુણ માલ રસાળ, કંઠે ધરિયેજી. ભવ૦ ૧ એ આંકણી.
ગુણ બહુ માન જિનાગમ વાણી, કાને ધરી બહુ માને જી,
દ્રવ્ય ભાવ બહિરાતમ ટાળી, પરભવ સમજે શાને. ભવ૦ ૨
પ્રભુ ગુણ ગાવે ધ્યાન મલ્હાવે, આગમ શુદ્ધ પ્રરૂપે જી,
મૂરખ મૂંગા ન લહે પરભવ, ન પડે વળી ભવકૂપે. ભવ૦ ૩

પરમેષ્ટિને શીશ નમાવે, ફરશે તીરથ ભાવે જી;
વિનય વૈયાવચ્ચાદિક કરતાં, ભરતેશર સુખ પાવે. ભવ૦ ૪
જિમ જિમ ક્ષય ઉપશમ આવરણા, તિમ ગુણ આવિરભાવેજી;
શ્રી શુભવીર વચન રસલબ્ધે, સંભિન્નશ્રોત જણાવે. ભવ૦ ૫
કાવ્યં—સુમનસાં૦ ૧ સમયસાર૦ ૨ (પૃષ્ઠ ૫૩માં)
મંત્ર—ૐ હ્રીં શ્રીં પરમ૦ અચક્ષુદર્શનાવરણનિવારણાય પુષ્પાણિ ય૦ સ્વાહા૦

(ઇતિ અચક્ષુર્દર્શનાવરણાર્થં તૃતીય પુષ્પપૂજા સંપૂર્ણ)

ચતુર્થ ધૂપપૂજા.

દોહા—અવધિદર્શનાવરણ ક્ષય, ઉપશમ ચઉગતિ માંહિ;
ક્ષાયક ભાવે કેવળી, નમો નમો સિદ્ધ ઉચ્છાહિ. ૧

ઢાળ ચોથી.

(ચંદ્રશેખર ગગન ચલો—એ દેશી.)

અવધિરૂપી ગ્રાહકો, ખટ ભેદ વિશેષે,
અવધિ દર્શન તેહનું સામાન્યે દેખે. ૧
એ ગુણ કેઇ ઉપન્યો, પરભવથી સ્વામી;
આ ભવમાં સુખીયા અમે, તુમ દર્શન પામી. એ આંકણી.
દેવ નિરય ગતિથી લહે, ગુણથી નર તિરિયા,
કાઉસગ્ગમાં મુનિ ભાવથી, ટેકા ઉતરીયા. એ ગુ૦ ૨
પરિણામે ચડતી દશા, રૂપી દ્રવ્ય અનંતા,
જઘન્યથી ઉત્કૃષ્ટથી, સવિ દ્રવ્ય મુણંતા. એ ગુ૦ ૩
ક્ષેત્ર અસંખ્ય અંગુલ લહે, ગુરુ લોક અસંખા,
જઘન્યથી [illegible], ઉત્સર્પિણી અસંખા. એ ગુ૦ ૪

ચાર ભાવ દ્રવ્ય એકમાં, લઘુ ભાવ વિશેષે;
અસંખ્ય પર્યવ દ્રવ્ય પ્રત્યે, ગુરૂદર્શન દેખે. એ ગુ૦ ૫
નંદીસૂત્રે એણી પરે, કહ્યું અવધિનાણ;
નિરાકાર ઉપયોગથી, દર્શન પરિમાણ. એ ગુણ૦ ૬
વિભંગે પણ દાખિયુ, દર્શન સિદ્ધાંતે;
તત્ત્વારથ ટીકા કહે, સમકિત એકાંતે. એ ગુણ૦ ૭
તસ આવરણ દહન ભણી, ધૂપપૂજા કરીયે;
શ્રી શુભવીર શરણ લહી, ભવસાગર તરીયે એ ગુણ૦ ૮

કાવ્યં—અગરમુખ્ય૦ ૧ નિજગુણાક્ષય૦ ૨ (પૃષ્ઠ ૫૪ માં)
મંત્ર—ૐ હ્રીં શ્રીં પરમ૦ અવધિઆવરણનિવારણાય ધૂપં ય૦ સ્વાહા.

(ઇતિ અવધિઆવરણનિવારણાર્થં ધૂપપૂજા સંપૂર્ણ)

પંચમ દીપકપૂજા.

દોહા—કેવલદર્શનાવરણનો, તું પ્રભુ ટાળણહાર;
જ્ઞાનદીપકથી દેખિયે, મોટો તુજ આધાર. ૧

ઢાળ પાંચમી.

(રાગિણી આશાવરી-ગરબાની દેશી)

દીપક દીપતો રે, લોકાલોક પ્રમાણ;
દર્શન દીવડો રે, હણી આવરણ લહે નિર્વાણ દીપક૦ ૧
ક્ષાયકભાવે અનાદિ ચેતન, આઠ પ્રદેશ ઉઘાડા રે;
અવરનુ દર્શન દેખણ ભમિયો, પણ આવરણ તે આડાં. દી૦ ૨
તુમ સેવે તે તુમ સમ હોવે, શક્તિ અપૂરવ યોગે રે;
ક્ષપકશ્રેણિ આરોહી અરિહા, ધ્યાન શુકલ સંયોગે. દી૦ ૩

ઘનઘાતીનો ઘાત કરીને, પ્રથમ સમય સાકારે રે,
સમયાતર દર્શન ઉપયોગે, દર્શનાવરણ વિદારે. દી૦ ૪
મૂલ એક બંધ ચાર સત્તોદય, ઉત્તર પણ એક બાંધે રે,
બહેંતાલીસ ઉદયે પંચાશી સત્તા હણી શિવ સાધે. દી૦ ૫
ઝગમગ જ્યોત દીપક પૂજા, કરતાં કોડિ દિવાળી રે;
શ્રી શુભવીર જિનેશ્વર રાજા, રાજ્યે રઈયત તાજા. દી૦ ૬

કાવ્યં-ભવતિ દીપ૦ ૧ શુચિમનાત્મ૦ ૨ (પૃષ્ઠ ૫૫ માં)
મંત્રઃ—ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ કેવલ દર્શનાવરણ નિવાર.
ણાય દીપં ય૦ સ્વાહા.
(ઇતિ કેવલદર્શનાવરણનિવારણાર્થં પંચમ દીપકપૂજા સંપૂર્ણ)

ષષ્ઠ અક્ષતપૂજા

દોહા—નિદ્રા દુગ દલ છેદવા, કરવા નિર્મલ જાત,
અક્ષત નિર્મલ પૂજના, પૂજો શ્રી જગતાત. ૧

ઢાળ છઠ્ઠી.

(સુણીજ્ય [illegible] [illegible] રે—એ દેશી)

કહે નિદ્રા પાંચની હેઠી રે, મોહરાયતણી એ ચેટી રે,
દર્શનની ચમરી મોટી રે, નિદ્રા દુગ બહુનો છોટી રે. ૧
એ બહેનો જગત પિયારી રે, નાના મોટાને ઝુઝાવ્યા મારી રે,
આનુદાસ પુરવર પડિયા રે, દીપજ્યોતિને જોવા નહિ
નડિયા રે. એ આંકણી.
કુંભકર્ણને [illegible] રે, ને નિદ્રા ભારી ચડી રે,
[illegible] મન આગે સબ [illegible] રે. એ૦ ૨

તવ નયણુથી નિંદ વછૂટી રે, પ્રચલા લક્ષણ ગતિ ખોટી રે,
દ્વાદશાંગી ગણિરૂપ પેટી રે, મુનિનયણે નિદ્રા પલેટી રે. એ૦ ૩
પૂરવધર પણ શ્રુત મેટી રે, રહ્યા નિગોદમેં દુઃખ વેટી રે;
અપૂર્વે બંધથી છૂટી રે, સત્તા ઉદયે બારમે ખૂટી રે. એ૦ ૪
મુનિરાજ મળીને લૂટી રે, અપ્રમત્તને દંડે કૂટી રે,
છલ જોતી ને રોતી વછૂટી રે, ધ્યાન લહેર બગાડે બૂટી રે. એ૦ ૫
શુભવીર સમા નહીં માંટી રે, નિદ્રાની વનકટી કાટી રે;
થઈ સાદિ અનંતની છેટી રે, શિવસુંદરી સહેજે ભેટી રે. એ૦ ૬

કાવ્યં-ક્ષિતિતલે૦ ૧ સહજભાવ૦ ૨-(પૃષ્ઠ ૫૬મા)

મંત્ર—ૐ હ્રીં શ્રીં પરમ૦ નિદ્રાપ્રચલાવિચ્છેદનાર્થં અક્ષતાન્ ય૦ સ્વાહા.

(ઇતિ નિદ્રાપ્રચલાવિચ્છેદનાર્થં ષષ્ઠ અક્ષતપૂજા સંપૂર્ણ)

સપ્તમ નૈવેદ્યપૂજા.

દોહો—આહારે ઉંઘ વધે ઘણી, નિદ્રા દુઃખ ભંડાર,
નૈવેદ્ય ધરી પ્રભુ આગળે, વરિયે પદ અણાહાર. ૧

ઢાળ સાતમી.

(રાગ ગોડી-નાગણ આઈ ક્યું ચન રે—એ દેશી)

થીણુદ્ધી ત્રિક સાંભળો રે, નિદ્રા જે દુઃખદાય, સલુણા
બંધ બીજા ગુણઠાણુસેં રે, છઠ્ઠે ઉદય મુનિરાય, સલુણા,
જિમ જિમ જિનવર પૂજીયે રે, તિમ તિમ ત્રૂટે કર્મ. સ૦ ૧
સંપ કરી સત્તા રહે રે, નવમાને એક ભાગે, સ૦
નિદ્રાનિદ્રા તેહમાં રે, કષ્ટે કરી જે જાગે. સ૦ જિમ૦ ૨

પ્રચલાપ્રચલા ચાલતાં રે, નયણે નિંદ તુખાર, સ૦
જાગે રણસંગ્રામમાં રે, વિજળી જ્યુ ઝળકાર. સ૦ જિમ૦ ૩
દિનચિંતા રાત્રે કરે રે, કરણી જે નર નાર, સ૦
બળદેવનુ બળ તે સમે રે, નરકગતિ અવતાર. સ૦ જિમ૦ ૪
એમ વિશેષાવશ્યકે રે, વરણવિયો અધિકાર, સ૦
સાધુમંડળીમાં રહે રે, એ લઘુ અણગાર. સ૦ જિમ૦ ૫
થીણદ્ધી નિદ્રાવશે રે, હણિયો હસ્તિ મહંત, સ૦
સૂતો ભર નિદ્રાવશે રે, ભૂતળિએ દોય દંત. સ૦ જિમ૦ ૬
અંગ અશુચિ શિષ્યનુ રે, સંશય ભરિયા સાધ, સ૦
જ્ઞાની વયણે કાઢિયો રે, હંસ વનેથી વ્યાધ. સ૦ જિમ૦ ૭
ષટ્‌માસે નિદ્રા લહે રે, શેડવધૂ દષ્ટાંત, સ૦
નિદવિયોગે કેવલી રે, શ્રી શુભવીર ભણંત(ભદંત). સ૦ જિમ૦

કાવ્યં—અનશનં ૧ કુમતબોધ૦ ૨ (પૃષ્ઠ ૫૭ મા)
અથ મંત્ર—ૐ હ્રીં શ્રી પરમ૦ થીણદ્ધીત્રિકદહનાય નૈવેદ્યં
ય૦ સ્વાહા.

(ઇતિ થીણદ્ધીત્રિકદહનાર્થં સપ્તમ નૈવેદ્યપૂજા સંપૂર્ણ.)

અષ્ટમ ફળપૂજા.

દોહા—વિવિધ ફળે પ્રભુ પૂજતાં, ફળ પ્રગટે નિર્વાણ,
દર્શનાવરણ વિલય હુવે, વિઘટે બંધનાં ઠાણ. ૧

ઢાળ આઠમી.

([illegible] —[illegible])
[illegible], [illegible] — [illegible]
[illegible], [illegible], [illegible]
[illegible], [illegible]

આરેક બીજોરા ફળ ટેટી, પૂજે ફળ થાળે ભરિયાં;
ફાગ ગાન ગુણ તાન બજૈયા, દર્શનાવરણ ભયે ડરિયાં. હોરી૦૨
એ પ્રભુદર્શન વિણ ભવ ફરિયા, કુદેવ કુતીર્થ વર્ણવિયા,
કુગુરૂ કુશાસ્ત્ર પ્રશંસા કરિયા, મિથ્યાત્વ ધર્મ હઇયે ધરિયા. હોરી૦૩
બહોત દુઃખે બહુ શોકે ભરિયા, સમકિત દૂષણ આચરિયાં;
કુવ્રત પાળે ને ચાલે અનઇયા. પરમેષ્ટિ ગુરૂ ઓળવિયા. હોરી૦૪
પડણિયા ગુરૂ અપચ્ચખ્ખાસણિયા, ભગવઇ ભાખે ગણધરિયા;
દર્શનાવરણીકર્મ ઘેરૈયા, તીસ કોડાકોડી સાગરિયા હોરી૦ ૫
એસે બંધકો બંધ ઘટૈયા, સાંયુકી આણા શિર ધરિયા,
શૃંગી લવણ મધુરી લહેરિયા, શ્રીશુભવીર પ્રભુ મળિયા. હોરી૦ ૬

કાવ્યં-શિવતરો૦ ૧ શમરસૈ૦ ૨ (પૃષ્ઠ ૫૮ માં)

મંત્ર—ૐ હ્રીં શ્રી પરમ૦ દ્વિતીય કર્મદહનાય ફલં ય૦ સ્વાહા.

આઠ પૂજા પુરી થયે—ગાયો ગાયો રે મહાવીર૦ એ કળશ બોલવો જોઈએ, તે માટે પાનું ૫૮-૫૯-૬૦ જુઓ.

(ઇતિ કર્મદહનાર્થં અષ્ટમ ફળપૂજા સંપૂર્ણ)

ઇતિ દ્વિતીયદિવસેઽધ્યાપનીય દર્શનાવરણીય કર્મસૂદનાર્થં દ્વિતીય પૂજાષ્ટકં સંપૂર્ણ.



શ્રી આચાર્ય પદ——



પ્રથમ ખંડનો ચોથો વિભાગ—

सूरीण दूरीकयकुग्गहाणं
नमो नमो सूरसमप्पहाणं ॥

प्रतिरूपाद्याश्चतुर्दश, क्षान्त्यादिर्दशविधश्रमणधर्म ॥
द्वादश भावना इति, सूरिगुणा भवन्ति षट्त्रिंशत् ॥३॥

શ્રી આચાર્ય પદની ઓળખાણ:—આચાર્ય એટલે આચારની સુંદર ને શ્રેષ્ઠ વ્યવસ્થા સાચવનારા. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર ને વીર્યાચાર એ પાંચ પ્રકારના આચારનું યથોચિત પાલન કરવું ને કરાવવું એ આ પદ [illegible] છે. [illegible]—જનતાને [illegible] [illegible] આચાર છે, એમ આચાર્ય [illegible]

પણે માનતા હોય ને તેથી જ જનતાના ઉદ્ધાર માટે આ માર્ગ તેઓ સારી રીતે પ્રરૂપે–બતાવે. આર્ય દેશ, આર્ય કુલ ને ઉત્તમ જાતિમાં તેમનો જન્મ થયો હોય. કુલીનતા–ખાનદાની, રૂપ–સૌન્દર્ય ને ઈન્દ્રિયોથી પરિપૂર્ણ ભવ્ય કાયા, વિશાળતા વગેરે ગુણો આચાર્યમાં યોગ્યરૂપે વિકસ્યા હોય, ને તેથી પોતાના યુગમાં તેમની પ્રધાનતા સર્વે સ્વીકારતા હોય. એ યોગ્યતા–જવાબદારી અદા કરવામા તેઓ જરી પણ બેદરકાર ન રહે–પ્રમાદ વશ ન થાય. કામજનક સ્ત્રી કથા, લાલસાને વધારનારી ખાવા પીવાની વાતો, અનર્થ કરનારી દેશની અને રાજ્ય રાજાની કથાઓ આચાર્ય ન કરે, કારણકે તેથી આચાર ભુલાય ને યોગ્યતામા હાનિ પહોચે ક્રોધ, અભિમાન, માયા–કપટ ને લોભ એ આત્માને ચારિત્રથી ચૂકવે છે. આચાર્ય કષાયવિવશ ન બને. પોતે આ સર્વ પાળે ને બીજાને સતત ઉપદેશ આપી પળાવે આચારનુ શિક્ષણ સર્વ કોઈ શિક્ષણ કરતાં ગહન છે, સહેલાઈથી ને આવડતું નથી તે માટે ખૂબ કાળજીની આવશ્યકતા છે આચાર શિખવાની તીવ્ર અભિલાષાથી અનેક યોગ્ય આત્માઓ આચાર્યની નિશ્રામાં આવી રહ્યા હોય છે જીવન સર્વસ્વ આચાર્યને ચરણે સમર્પણ કર્યું હોય છે. આચાર્યને આ હકીકતનો પૂરો ખ્યાલ હોય ને તેથી શિષ્યોને તેઓ વારંવાર આચારની યાદ દેવડાવે, ભૂલતા હોય તો રોકે, પ્રેરણા કરી આચારમાં જોડે, ફરી ફરી પ્રેરણા કરી કડવાં વચનો કહી આચારમા સ્થિર કરે ને એ રીતે પોતાના ગચ્છનુ સુન્દર રીતે રક્ષણ કરે. આગમના ઉત્સર્ગ અને અપવા-

દના રહસ્યોનો ખ્યાલ આચાર્યને ખૂબ હોય. અપવાદના પ્રસંગે ઉત્સર્ગ અને ઉત્સર્ગના પ્રસંગે અપવાદને તેઓ ન ઉપદેશે. જે પ્રસંગે જે કરણીય હોય તેજ તેઓ આદેશે. સૂર્ય ચન્દ્ર સમા જિનવર અને કેવળી ભગવંતના અભાવે જનતા અન્ધારામાં અટવાતી હોય, પોતાને ઉપયોગી પદાર્થને દેખી શકતી ન હોય, પદાર્થને શોધવા ફાંફા મારતી હોય, ત્યારે આચાર્ય મહારાજ દીપકની ગરજ સારે છે. એ દીપકના તેજમાં પણ ઘરના પદાર્થો જોઇ શકાય છે. એ દીપક વગર ઘર અંધારે ભર્યું ભાસે. એ અંધારામાં ભમતા આંધળા લોકો ઊંડા કૂવામાં પડતા હોય છે. આચાર્ય તેમને પડતા બચાવી લઈ અજવાળે લઇ જાય છે. માતા પિતા ભાઇ વગેરે જે હિત નથી કરી શકતા તે આચાર્ય કરે છે. શાસનનું સામ્રાજ્ય ચલાવવા માટે આચાર્ય ભગવંત પાસે અનેક શક્તિઓ હોય છે. લબ્ધિઓ-સિદ્ધિઓ અતિશયોનુ બળ તેમની પાસે પુષ્કળ હોય છે. ધર્મસામ્રાજ્યના સ્વામી આચાર્ય મહારાજના ચરણમા ભલ ભલા ભૂપતિઓ નમી પડે છે. તેમના સેવક થવામાં ગૌરવ સમજે છે. એમની કૃપા અનેકને યોગ્ય બનાવે છે. વન્દન હો શ્રી આચાર્ય ભગવંતને.

શ્રી આચાર્યપદનું આરાધન—શ્રીઆચાર્યપદ છત્રીસ ભેદે આરાધાય છે. આચાર્યના ગુણો ૩૬ છે. 'પંચિંદિય' સૂત્રમાં ૩૬ ગુણો ગણાવ્યા છે. ૩૬ ગુણો આચાર્યના અનેક ગ્રંથ શાસ્ત્રમાં વર્ણવ્યા છે છત્રીસ છત્રીસીઓ આવે છે એ ૩૬ ગુણો [illegible] ભાવનાથી આનન્દ ૩૬ [illegible] છે

શ્રી આચાર્યપદનું આરાધન પીળાવર્ણે શા માટે ?—શ્રી આચાર્યપદનુ આરાધન પીળા–પીતવર્ણે કરવામા આવે છે. તેમા નીચે પ્રમાણે હેતુઓ છે. (૧) આચાર્ય ભગવંત દીપક સમા છે દીપ શિખા પીળી હોય છે. માટે આચાર્ય પણ પીત વર્ણે આરાધાય છે. (૨) જિનશાસનમાં આચાર્ય રાજા સમાન છે. રાજા સુવર્ણના અલંકારોથી વિભૂષિત હોય છે. કનક–સુવર્ણનો વર્ણ પીત–પીળો છે. એ ભાવ સ્પષ્ટ સમજાય તે માટે આચાર્યપદનું આરાધન પીત વર્ણે કરાય છે. (૩) પરવાદી સાથે આચાર્ય ભગવંત વાદ કરે છે. વાદ કરી સ્વસિદ્ધાન્તને રક્ષે છે. વાદમા વિજયશ્રી આચાર્યને વરે છે. વિજયશ્રી સાથે વિવાહ થાય છે, વિજયશ્રીને વરવા તૈયાર–સજ્જ થએલા વરરાજા આચાર્ય છે. પીળી પીઠી ચોળી વરરાજાને તૈયાર કરવામાં આવ્યા છે. પીળો વર્ણ આચાર્યનો એ ભાવ સમજાવે છે. (૪) પરવાદી રૂપી હાથીઓને નસાડવા આચાર્યશ્રી કેસરીસિંહ સમા છે. કેસરીનો વર્ણ પીળો હોય છે તેમ આચાર્યશ્રીનો પણ પીતવર્ણ છે. (૫) મંત્રશાસ્ત્રમાં કોઇને સ્તંભિત કરવા હોય ત્યારે પીત ધ્યાન ધરવાનુ કહ્યું છે. મહાપ્રતાપી આચાર્યશ્રી પાસે સર્વે સ્તબ્ધ બની જાય છે. પરતંત્રને સ્તબ્ધ ને સ્તંભિત કરવા માટે આચાર્યપદનુ આરાધન–ધ્યાન પીતવર્ણે કરવાનું છે.

શ્રીઆચાર્યપદનો આરાધકઃ—આત્મા આચાર્યપદનુ આરાધન કરતો એવી ભાવના કેળવે કે હુ જૈનશાસન સામ્રાજ્યનો રાજા થવાને સર્જાયો છું તે રાજાને યોગ્ય

૩૦ અશુચિભાવનાભાવકાય શ્રીઆચા૦
૩૧ આશ્રવભાવનાભાવકાય શ્રીઆચા૦
૩૨ સંવરભાવનાભાવકાય શ્રીઆચા૦
૩૩ નિર્જરાભાવનાભાવકાય શ્રીઆચા૦
૩૪ લોકસ્વરૂપભાવનાભાવકાય શ્રીઆચા૦
૩૫ બોધિદુર્લભભાવનાભાવકાય શ્રીઆચા૦
૩૬ ધર્મદુર્લભભાવનાભાવકાય શ્રીઆચા૦

અથ તૃતીય દિવસેઽક્ષ્યાપનીય વેદનીયકર્મનિવારણાર્થં—તૃતીયપૂજાષ્ટક પ્રારંભ.

(આ પૂજામાં જોઈતી ચીજોના નામ)

(૧ કસ્તુરી બરાસવાળું જળ, ૨ કેસર, બરાસ, ૩ ૩ ફુલપગર કરીયે, ૪ પચાગ ધૂપ, ૫ બે દિવેટનો દીપક, ૬ કમોદ શાલિ અખંડ, ૭ નૈવેદ્ય, ૮ ફળ.)

પ્રથમ જળપૂજા

દોહા—ત્રીજું અઘાતી વેદની, જાસ લહે શિવશર્મ;
સંસારે સવિ જીવને, તસ લગે એહિજ કર્મ. ૧
બંધોદય અધ્રુવ કહી, ધ્રુવ સત્તાયે હોય;
પયડી અઘાતી જાણીયે, શાતા અશાતા દોય. ૨
કર્મ વિનાશીને હુવા, સિદ્ધ બુદ્ધ ભગવાન,
તે કારણ જિનરાજની, પૂજા અષ્ટ વિધાન. ૩
ચંદન વિલેપન કુસુમની, જિન પુર ધૂપ પ્રદીપ,
અક્ષત નૈવેદ્ય ફળતણી, કરો જિનરાજ સમીપ. ૪

ઢાળ પહેલી.

([illegible] —એ દેશી.)

અંતરની પૂજા રે, નિરંજન આતમા રે,

તીર્થોદકના જળ મેલાય, મનોહર ગંધે તે ભેલાય. ન્હવ૦ ૧
સુરગિરિ દેવા રે, સેવા જિનતણી રે,
કરતાં ન્હવણ તે નિરમળ થાય, કનક રજત મણિકળશ ઢળાય. ન્હવ૦ ૨
સુર વહૂ નાચે રે, માચે વેગશું રે,
ગાયન દેવ તે જિનગુણ ગાય, વૈશાલિક મુખદર્શન થાય. ન્હવ૦ ૩
ચિહું ગતિમાહે રે, ચેતન રોલિયો રે,
સુર નર જે સુખિયા સંસાર, નારક તિરિ દુઃખનો ભંડાર. ન્હવ૦ ૪
[1]શ્યે વશ સુખમાં રે, સ્વામી ન સાંભળ્યા રે,
તેણે હું રઝળ્યો કાળ અનંત, મલિન રતન નવિ તેજ ઝગંત. ન્હ૦ ૫
પ્રભુ નવરાવી રે, મેલ નિવારશું રે,
વેદની વિઘટે મણિ ઝલકંત, શ્રી શુભવીર મળે એકાંત. ન્હ૦ ૬

કાવ્યં—તીર્થોદકૈઃ ૧ સુરનદી૦ ૨ જનમનો૦ ૩ (પૃષ્ઠ૫૦માં)

મંત્ર—ૐ હ્રીં શ્રીં પરમ૦ વેદનીયકર્મનિવારણાય જલં ય૦ સ્વાહા.

(ઇતિ વેદનીયકર્મનિવારણાર્થં પ્રથમ જલપૂજા સંપૂર્ણ)

દ્વિતીય ચંદનપૂજા.

દોહા—વેદનીય કર્મતણી કહું, ઉત્તર પયડી દોય;
જાસ વિવશ ભવચોકમાં, મૂંઝાણા સહુ કોય. ૧

ઢાળ બીજી.

(રાગ આશાવરી—સાહિબ સહઅકણા એ દેશી)

તન વિકસે મન ઉલ્લસે રે, દેખી પ્રભુની રીત,
દાયક દિલ વસિયા.

---

૧ શાતામાં આસક્ત

ઝૂરણુ લાગી જીભડી રે, પૂરણુ બાંધી પ્રીત. દા૦ ૧
નયનજ્યોતિસમ પ્રીતડી રે, એક સુરત હોય કાન, દા૦
વેદની હરિ ધનવંતરી રે, કરિયે આપ સમાન. દા૦ ૨
વેદની ઘર વાસો વસ્યો રે, નહિયા નાથ કુનાથ, દા૦
પાણી વલોવ્યુ એકલું રે, ચતુર ન ચઢિયો હાથ. દા૦ ૩
ખડ્ગધાર મધુ લેપશું રે, તેહવો એ સંસાર, દા૦
લક્ષણ વેદની કર્મનુ રે, ફળ કિંપાક વિચાર. દા૦ ૪
તુજ શાસન પામે થકે રે, લાધ્યો કર્મનો મર્મ, દા૦
કોડી કપટ કોઈ દાખવે રે, પણ ન તજું તુજ ધર્મ. દા૦ ૫
પૂજ્ય મળે પૂજા રચું રે, કેસર ઘોળી હાથ. દા૦
શ્રી શુભવીરવિજય પ્રભુ રે, મળિયો અવિહડ સાથ. દા૦ ૬
કાવ્યં—જિનપતે૦ ૧ સહજ કર્મ ૨ (પૃષ્ઠ ૫૧-૫૨ માં)
મંત્ર—ૐ હ્રીં શ્રી પરમ૦ વેદનીયલક્ષણકર્મનિવારણાય ચંદનં ય૦ સ્વાહા.
(ઇતિ વેદનીયકર્મલક્ષણનિવારણાર્થં દ્વિતીય ચંદનપૂજા સમ્પૂર્ણ.)

તૃતીય પુષ્પપૂજા.

દોહા—બળિયો સાથ મળે થકે, ચોરતણુ નહીં જોર;
જિનપદ કુસુમે પૂજતા, નાસે કર્મ કઠોર. ૧

ઢાળ ત્રીજી.

[મન મોહન—મુજ મના—એ દેશી.]

કર્મ કઠોર દૂર કરો રે, મિત્તા, પામી શ્રી જિનરાજ,
કુસુમે કરી પૂજા રચો રે મિત્તા, પામી નરભવ આજ રે;
[illegible] મિત્તા, એ પ્રભુ સેવો ને, એ પ્રભુ સેવો જ્ઞાનભંડાર મિત્તા,
[illegible] રે. [illegible] એ૦ ૧ વેદની વશ દુઃખે

કાં પડો રે મિત્તા, જેહને પ્રભુશું વેર, સાહિબ વેરી ન વિસરો રે મિત્તા, તો હોય સાહિબ મહેર રે. રંગી૦ એ૦ ૨
છ ગુણઠાણા ગે રેલ મિત્તા, બંધ અશાતા જાણ; શાતા બાંધે કેવલી રે મિત્તા, તેરમે પણ ગુણઠાણુ રે. રંગી૦ એ૦ ૩
શાતા અશાતા એકપદે રે મિત્તા, ચરમ ગુણે પરિહાર; સત્તા ઉદયથી કેવલી રે મિત્તા, સહે પરિસહ અગિયાર રે.રંગી૦ એ૦ ૪
તીસ કોડાકોડી સાગરૂ રે મિત્તા, લઘુ સાતૈયા ત્રિભાગ, બંધ અશાતા વેદની રે મિત્તા, હવે શાતા સુવિભાગ રે. રંગી૦એ૦૫
પન્નર કોડાકોડી સાગરૂ રે મિત્તા, લઘુ દોય સમય તે થીર; ગોયમ સંશય ટાલિયો રે મિત્તા, ભગવઈમાં શુભવીર રે. રંગી૦ એ૦ ૬

કાવ્યં—સુમનસાં૦ ૧ સમયસાર ૨ (પૃષ્ઠ ૫૩માં)

મંત્ર—ૐ હ્રીં શ્રીં પરમ૦ વેદનીયબંધનિવારણાય પુષ્પાણિ ય૦ સ્વાહા.

(ઇતિ વેદનીયબંધનિવારણાર્થં તૃતીય પુષ્પપૂજા સંપૂર્ણ.)

ચતુર્થ ધૂપપૂજા.

દોહા—ઉત્તરાધ્યયને થિતિ લઘુ, અંતરમુહૂર્ત્ત કહાય;
પન્નવણામાં બાર તે, શાતાબંધ સંપરાય. ૧
શાતાવેદની બંધનુ, ઠાણ પ્રભુ પુર ધૂપ;
મિચ્છત દુર્ગંધ દૂરે ટળે, પ્રગટે આત્મસ્વરૂપ. ૨

ઢાળ ચોથી.

(વિમળાચળ વેગે વધાવો.—એ દેશી.)

ચઉમાસી પારણું આવે, કરી વિનતિ નિજ ઘર જાવે; પ્રિયા પુત્રને વાત જણાવે, પટકૂળ જરી પથરાવે રે, મહા-

વીર પ્રભુ ઘર આવે, જીરણ શેઠ ભાવના ભાવે રે. મહા૦ ૧ ઉભી શેરિયે જળ છંટકાવે, જાય કેતકી ફૂલ બિછાવે, નિજ ઘર તોરણ બંધાવે, મેવા મિઠાઈ થાળ ભરાવે રે. મહા૦ ૨ અરિહાને દાનજ દીજે, દેતાં દેખી જે રીઝે, ષટમાસી રોગ હરીજે, સીઝે દાયક ભવ ત્રીજે રે. મહા૦ ૩ તે જિનવર સનમુખ જાવું, મુજ મંદિરીયે પધરાવું, પારણું ભલી ભક્તે કરાવું, જુગતે જિનપૂજા પછી રચાવું રે. મહા૦ ૪ પ્રભુને વોળાવા જઈશું, કર જોડી સામા રહીશું, નમી વંદી પાવન થઈશું, વિરતિ અંતરંગે વહીશું રે. મહા૦ ૫ દયા દાન ક્ષમા શીલ ધરશું, ઉપદેશ સજ્જનને કરશું; સત્ય જ્ઞાનદશા અનુસરશું, અનુકંપા લક્ષણ વરશું રે. મહા૦ ૬ એમ જીરણ શેઠ વદંતા, પરિણામની ધારે ચઢંતા; શ્રાવકની સીમે કરંતા, દેવદુંદુભિ નાદ સુણંતા રે. મહા૦ ૭ કરી આયુ પૂરણ શુભભાવે, સુરલોક અચ્યુતે જાવે; શાતાવેદની સુખ પાવે, શુભવીર વચન રસ ગાવે રે. મહાવીર૦ ૮

કાવ્યં—અગરમુખ્ય૦ ૧ નિજગુણાક્ષય૦ ૨ (પૃષ્ઠ ૫૪ માં)

મંત્ર—ૐ હ્રીં શ્રી પરમ૦ શાતાબંધાપહારાય ધૂપં ય૦ સ્વાહા.

શ્રીશાતાબંધાપહારાય ચતુર્થં ધૂપપૂજન સંપૂર્ણ.

પંચમ દીપકપૂજા.

દોહા—શાતાબંધક પ્રાણિયા, દીપે એહ સંસાર;
તેહ દીપક પૂજા કરી, હરિયે દુઃખ અંધાર. ૧

ઢાળ પાંચમી.

(મનુજ ભવ ચેતનવાતી—એ દેશી)

સરાગે મુનિ સંયમ રાગે, ઉપસમ એહ અધિકારે,

શાતાવેદની બંધ કરીને, શ્રેણીથકી તે પડિયા રે. સાં૦ ૧
ભાખે ભગવઈ છઠ્ઠ તપ બાકી, સાત લવાયુ ઓછે રે,
સર્વારથસિદ્ધે મુનિ પોહોતા, પૂર્ણાયુ નવિ છોછેરે. સાં૦ ૨
શય્યામાં પોઢયા નિત્ય રહેવે, શિવમારગ વિસામોરે. નિર્મળ
અવધિનાણે જાણે, કેવલી મન પરિણામોરે. સાં૦ ૩
તે શય્યા ઉપર ચંદરૂએ, ઝુંબખડે છે મોતી રે, વિચલુ
મોતી ચોસઠમણનુ, ઝગમગ જાલિમ જ્યોતિરે. સાં૦ ૪
બત્રીશ મણના ચઉ પાલખિયે, સોલ મણાં અડ સુણિયાં રે,
આઠ મણાં સોલશ મુગતાફલ, તિમ બત્રીસ ચઉ મણિયાં રે.
સાં૦ ૫ દો મણ કેરાં ચોશઠ મોતી, ઇગ શય અડવીશ મણિયાં
રે, દો સયને વળી ત્રેપન મોતી, સર્વ થઈને મળીયા રે.
સાં૦ ૬ એ સઘળાં વિચલા મોતીશું; આફળે વાયુયોગેરે,
રાગ રાગિણી નાટક પ્રગટે, લવસત્તમ સુરલોગે રે. સાં૦ ૭
ભૂખ તરસ છીપે રસલીના, સુરસાગર તેત્રીશ રે; શાતા
લહેરમાં ક્ષણ ક્ષણ સમરે, વીરવિજય જગદીશ રે. સાં૦ ૮
કાવ્યં—ભવતિ દીપ૦ ૧. શુચિ મનાત્મ૦ ૨. (પૃષ્ટ ૫૫માં)
મંત્ર—ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ શાતોત્તરસુખપ્રાપણાય દીપં
ય૦ સ્વાહા.

(ઇતિ શાતોત્તરસુખપ્રાપણાર્થે પંચમ દીપકપૂજા સંપૂર્ણ.)

ષષ્ઠ અક્ષતપૂજા.

દોહો—અક્ષતપૂજાયે કરી, પૂજો જગત દયાળ,
હવે અશાતાવેદની, બંધનાં ઠાણ નિહાળ ૧

ઢાળ છઠ્ઠી.

(બટાઉની દેશી)

પ્રભો ! તુજ શાસન મીઠડું રે, સમતા સાધન સાર;

યોગનાલિકા રૂઅડી, તે તો જ્ઞાનીને ઘરબારરે, હું રોળ્યો એણે સંસાર રે, ગુણ અવગુણ સરિખા ધારરે, હીરા હાથ ખોળ્યો અંધાર રે, ન કરી જ્ઞાનીશું ગોઠડી મેરે લાલ. ૧ શોક કર્યો સંસારમાં રે, પરને પીડા દીધ; ત્રાસ પડાવ્યા જીવને, જીવ બંધીખાને લીધ રે, મુનિરાજની નિંદા કીધરે, મુનિ સંતાપ્યા બહુવિધ રે; રાજા દેવસેનાભિધ રે, એક સરિયશતકે પરસિદ્ધ રે, ન૦ ૨ માણસના વધ આચર્યા રે, છેદન ભેદન તાસ; થાપણ રાખી ઓળવી, કરી ચાડી પડાવ્યા ત્રાસ રે, દમિયા પર ક્રોધ નિવાસરે, કેઈ ઝુઅવિયા રહી પાસ રે, કેઇ જીવની ભાગી આશ રે, થયો કરપી કપિલાદાસ રે ન૦ ૩ એમ અશાતાવેદની રે, બાંધે પ્રાણી અનંત; સૂત્ર-વિપાકે સાંભળો, મૃગાપુત્ર તણો દ્રષ્ટાંત રે, સુણી કંપે સમકિતવંત રે, સુખ અક્ષય પામે એકાંત રે, કરો અક્ષતપૂજા સંતરે, શુભવીર ભજો ભગવંત રે, ન કરી૦ ૩

કાવ્યં—ક્ષિતિતલે૦ ૧ સહજભાવ૦ ૨ (પૃષ્ઠ ૫૬માં)

મંત્ર—ૐ હ્રીં શ્રીં પરમ૦ અશાતાબંધસ્થાનનિવારણાય અક્ષતં ય૦ સ્વાહા.

(ઇતિ અશાતાબંધનિવારણાર્થં ષષ્ઠ અક્ષતપૂજા સંપૂર્ણ)

અથ સપ્તમ નૈવેદ્યપૂજા.

દોહા—ન કરી નૈવેદ્ય પૂજના, ન ધરી ગુરુની શીખ;
લેશે અશાતા પરભવે, ઘર ઘર માગે ભીખ. ૧

ઢાળ સાતમી.

([illegible] —એ દેશી.)

તુજ સાહેબ અમૃત મીઠું, સંસારમાં નવિ દીઠું રે; [illegible] નવિ ચાખ્યું મીઠું, નારક

દુઃખ તેણે દીઠું રે. મન૦ ૧ દશવિધ વેદન અતુલ તે પાવે, દુઃખમાં કાળ ગુમાવે રે; મ૦ પરમાધામી દુઃખ ઉપજાવે, ભવભાવનાયે ભાવેરે. મ૦ ૨ જેમ વિષભુક્તિ તલાર અચાજા, એક નગરે એક રાજા રે; મ૦ શત્રુસૈન્ય સમાગમ પહેલો, ગામ ગામ વિષ ભેળ્યો રે. મ૦ ૩ ધાન્ય મિઠાઇ મીઠા જળમાં, ગોળ ખાંડ તરૂ ફળમાંરે; મ૦ પડહો વજાવી એમ ઉપદેશે, જે મીઠા જળ પીશેરે; મ૦ ૪ ભક્ષ ભોજ્ય રસ લીના ખાશે, તે યમમંદિર જાશે રે. મ૦ દુરદેશાગત ભોજન કરશે, ખારાં પાણી પીશે રે. મ૦ ૫ તે ચિરજીવ લહે સુખ શાતા, કદીય ન હોય અશાતા રે, મ૦ નૃપઆણા કરી તે રહ્યા સુખિયા, બીજા મરણ લહે દુઃખિયારે. મ૦ ૬ વિષમિશ્રિત વિષયારસ જુતા, બ્રહ્મદત્ત નરક પહુત્તા રે. મ૦ મેઘકુમાર ધન્નો સુખભાજા, શ્રી શુભવીર તે રાજારે, મનમોહન સ્વામિ. ૭

કાવ્યં—અનશનં ૧ કુમતબોધ૦ ૨ (પૃષ્ઠ ૫૭ માં)

મંત્ર-ૐ હ્રીં શ્રીં પરમ૦ અશાતોદયનિવારણાય નૈવેદ્યં ય૦ સ્વાહા.

(ઇતિ અશાતોદયનિવારણાર્થં સપ્તમ નૈવેદ્ય પૂજા સંપૂર્ણ)

અથ અષ્ટમ ફલપૂજા.

દોહા—આત્મિક ફળ પ્રગટાવિયું, ટાળી શાત અશાત;
ત્રિસલાનંદન આગળે, ફળપૂજા પરભાત. ૧

ઢાળ આઠમી.

[નંદકુમાર કેડે પડ્યો, કેમ ભરીયે—એ દેશી]

વીરકુંવરની વાતડી કેને કહિયે, કેને કહિયે રે કેને કહિયે; નવિ મંદિર બેસી રહિયે, સુકુમાળ શરીર. વીર૦ એ આંકણી. બાળપણાથી લાડકો નૃપ ભાવ્યો, મળી

ચોસઠ ઇંદ્રે મલ્હાવ્યો, ઇંદ્રાણી મળી હુલરાવ્યો, ગયો રમવા કાજ. વીર૦ ૧ છોરૂ ઉછાંછલાં લોકના કેમ રહિયે, એની માવડીને શું કહિયે; કહિયે તો અદેખાં થઇયે, નાશી આવ્યાં બાળ. વીર૦ ૨ આમલકી ક્રીડાવશે વીંટાણો, મોટો ભોરીંગ રોષે ભરાણો; હાથે ઝાલી વીરે તાણ્યો, કાઢી નાંખ્યો દૂર. વીર૦ ૩ રૂપ પિશાચનું દેવતા કરી ચળિયો, મુજ પુત્રને લેઈ ઉછળિયો; વીર મુષ્ટિપ્રહારે વળિયો, સાંભળીયે એમ. વીર૦ ૪ ત્રિશલા માતા મોજમાં એમ કહેતી, સખિયોને ઓલંભા દેતી; ક્ષણ ક્ષણ પ્રભુ નામજ લેતી, તેડાવે બાળ. વીર૦ ૫ વાટ જોવંતા વીરજી ઘેર આવ્યા, ખોળે બેસારી હુલરાવ્યા; માતા ત્રિસલાએ નવરાવ્યા, આલિંગન દેત. વીર૦ ૬ યૌવનવય પ્રભુ પામતા પરણાવે, પછી સંયમશું દિલ લાવે, ઉપસર્ગની ફોજ હઠાવે, લીધું કેવળનાણ. વીર૦ ૭ કર્મસૂદન તપ ભાખિયુ જિનરાજે, ત્રણ લોકની ઠકુરાઈ છાજે; ફળ પૂજા કહી શિવ કાજે, ભવિને ઉપગાર. વીર૦ ૮ શાતા અશાતાવેદની ક્ષય કીધું, આપે અક્ષયપદ લીધું; શુભવીરનું કારજ સીધ્યું, ભાગે સાદિ અનંત. વીર૦ ૯

કાવ્યં—ચિત્તરંગે ૧ રામરંગે ૨ (પૃષ્ઠ ૫૮મા)

મંત્ર—ૐ હ્રીઁ શ્રી પરમ૦ વેદનીયકર્મદહનાય, ફળં યજા૦ સ્વાહા.

આઠ પૂજા પૂરી થયે—ગાયો ગાયો રે મહાવીર૦ એ કલશ બોલવો જોઈએ, તે માટે પાનું ૫૮-૫૯-૬૦ જુઓ

(ઇતિ વેદનીયકર્મસૂદનાર્થં અષ્ટમ ફળપૂજા સંપૂર્ણ ૮)

[illegible]

[illegible]

શ્રી ઉપાધ્યાયપદ.



પ્રથમ ખંડનો પાંચમો વિભાગ—

सुत्तत्थवित्थारणतप्पराणं
नमो नमो वायगकुंजराणं ॥

अङ्गान्येकादश वै, पूर्वाणि चतुर्दशापि योऽधीते ॥
अध्यापयति परेभ्य, पञ्चविंशतिगुण उपाध्याय ॥ १ ॥

શ્રી ઉપાધ્યાયપદની ઓળખાણઃ—તીર્થંકર દેશિત અને ગણધર ગુંફિત દ્વાદશાંગીનુ અધ્યયન કરી ઉપાધ્યાયજી તેનો પાર પામે. તેના અર્થને હૃદયમાં ઉતારે, સૂત્રાર્થનો વિસ્તાર કરવામાં નિશદિન તત્પર રહે. પાષાણ સમા જડ-બુદ્ધિ શિષ્યોને પણ ઉપાધ્યાયજી સૂત્રાર્થના જાણ કરી સકલ જન પૂજનીય બનાવે. જીવોને મોહ વિષધરનું વિષ ચડે

છે ત્યારે તેનુ આત્મજ્ઞાન નાશ પામે છે, ઉપાધ્યાયજીના સમાગમમાં આવતા જીવોનું મોહ ઝેર ઉતરી જાય છે, ચૈતન્ય શૂન્ય થએલા જીવો ચૈતન્ય પામે છે. ઉપાધ્યાયજી ખરેખર વિષ વૈદ્ય છે. સર્વ વ્યાધિ કરતાં ભયંકર વ્યાધિ અજ્ઞાન છે. અજ્ઞાન વ્યાધિથી રીબાતા જીવોને જગતમાં કાંઈ સૂઝતું નથી. ઉપાધ્યાય સમા મહાવૈદ્યજ તે વ્યાધિને દૂર કરવા સમર્થ છે. નાડ પારખીને પ્રાણીઓને શ્રુત રસાયન આપે છે. જે જીવોને તે રસાયન પરિણમે છે તેઓ નીરોગી થઈને સર્વત્ર વિલસે છે. તે ઉપાધ્યાયજી મહાવૈદ્યથી દૂર રહેલા આત્માઓ અજ્ઞાન વ્યાધિથી પીડાયાજ કરે છે. મન રૂપી મદોન્મત્ત હાથી આત્માના ગુણ વનને છિન્નભિન્ન કરી નાખે છે, તેને કાબૂમા રાખવાને સમર્થ એક જ્ઞાનરૂપી અંકુશજ છે. ઉપાધ્યાયજી તે જ્ઞાન અંકુશને આપે છે, એટલુંજ નહિ પરંતુ તેને વાપરવાની કળા પણ શીખવે છે. તે અંકુશનો ઉપયોગ કરી અનેક ભવ્યાત્માઓ મન ગજને વશ કરે છે જે મન હસ્તી ગુણવનને ભાંગતો હતો તેજ વશમાં આવ્યા પછી ગુણવનનુ રક્ષણ કરે છે ને ખીલવે છે. મહાદાનેશ્વરી કોઈ હોય તો તે ઉપાધ્યાય છે. તેઓ સર્વ કરતાં અદ્ભુત વસ્તુનું દાન દે છે, તેમની દેવાની ચીજ જ્ઞાન છે. જ્ઞાન સિવાય બીજી કોઈ વસ્તુ એવી નથી કે જે જીવને ઘણો સમય ટકે ખાનપાન કે ભોગાદિ સાધન સામગ્રી કોઈને આપી હોય તો દિવસ, માસ, વરસ કે છેવટે જીવે ત્યાં સુધી ટકે છે; પછી તો તે નાશજ પામે. જ્યારે ઉપાધ્યાયજીએ આપેલુ જ્ઞાન દાન જીવ મોક્ષમાં જાય ત્યાં સુધી કાયમ રહે છે. ઉપાધ્યાયજીએ આપેલું જ્ઞાનદાન ખૂટતું ન

નથી પણ ઉત્તરોત્તર વધતું જાય છે. અજ્ઞાનથી અન્ધ આંખો-વાળા આત્માને કાંઇ પણ સૂઝતું નથી, તેથી તેઓ ભવમાં અટવાયા કરે છે, આમ તેમ ફાફાં મારે છે. ઉપાધ્યાયજી તેવાઓના નેત્ર રોગની ચિકિત્સા કરે છે. શાસ્ત્રરૂપી શસ્ત્રથી તેમનાં નેત્ર પડલ છેદે છે. અજ્ઞાન પડલ દૂર થાય છે ને આત્માને બધું દેખાવા માડે છે આંખો ઉઘડે એટલે તેને હિતાહિતનુ ભાન થાય છે. હિતને તે સ્વીકારે છે ને અહિતને તજે છે. ઉપાધ્યાયજી ભાવના ચન્દન રસથી લોકોના પાપ તાપને શમાવે છે. ચૌદ સ્વર, તેત્રીસ વ્યંજન, ળ-ક્ષ-જ્ઞ -એ ત્રણ બહુમાન્ય વર્ણો, અનુસ્વાર ને વિસર્ગ એ બાવન વર્ણના શરીરવાળું શાસ્ત્ર ભાવના ચન્દન છે તે ચન્દનનો અર્થ રસ ભલભલા પાપતાપને શમાવવા સમર્થ છે. રાજ-કુમાર જેમ ભાવી રાજા થવાને યોગ્ય છે તેમ ઉપાધ્યાય પણ આચાર્ય પદને યોગ્ય છે. ગચ્છ ચિન્તા તેમને સતત રહે છે. ઉપાધ્યાયજીના સાન્નિધ્યમાં શિષ્યો સંયમમાં સ્થિર બની ઉદ્વિગ્નતાને ત્યજી દે છે.

સતત ભણવા ભણાવવામાં તત્પર એવા ઉપાધ્યાયજીને વન્દન હો.

શ્રી ઉપાધ્યાયપદનું આરાધન પચ્ચીસ ભેદે.

શ્રી ઉપાધ્યાયજીના ગુણો ૨૫ છે. તે ગુણો મેળવવા માટે તેમનું આરાધન ૨૫ ભેદે કરવામાં આવે છે. અગીઆર અંગ ને ૧૪ પૂર્વો એમ ૨૫ ભેદે શ્રુતનું અધ્યયન કરવું કરા-વવું એ એક તેમની ગુણ પચ્ચીશી છે. એવી જુદી જુદી રીતે પચ્ચીશ પચ્ચીશીઓ શાસ્ત્રમાં વર્ણવી છે.

શ્રી ઉપાધ્યાય પદનું આરાધન નીલવર્ણે કેમ?

શ્રી ઉપાધ્યાયપદ નીલ-લીલે વર્ણે આરાધાય છે. તે સહેતુક છે.

(૧) જેમ નીલમણિ-નીલમની પ્રભા શાન્ત ને આકર્ષક હોય છે તેમ શ્રી ઉપાધ્યાયજીની કાન્તિ પ્રશાન્ત અને મોહક હોય છે. નીલવર્ણ એ ભાવ સૂચવે છે.

(૨) પઠન-પાઠન કરાવતા શ્રી ઉપાધ્યાયજીનો જ્ઞાન બગીચો સદા નવપલ્લવિત ને વિકસિત હોય છે. બગીચો લીલોછમ શોભે છે. શ્રી ઉપાધ્યાયજીનો નીલ-લીલો વર્ણ પણ તેમના જ્ઞાન ઉદ્યાનની નહિ કરમાએલી પ્રફુલ્લિતતા જણાવે છે.

(૩) મુનિપદની કૃષ્ણતામાં આચાર્યપદની યોગ્યતાની પીતતા ભળી કૃષ્ણ-પીતના મિશ્રણથી ઉત્પન્ન થએલ નીલવર્ણ ઉપાધ્યાયજીને અભિનવ શોભા આપે છે. ને ત્રીજા ને પાંચમા પદની વચમા સંકળાએલ સુન્દર આશયને સૂચવે છે.

(૪) શ્રી ઉપાધ્યાય પદના ધ્યાન-આરાધનમાં પ્રધાન આશય જ્ઞાન મેળવી અશિવ દૂર કરવાનો છે. એ કલ્યાણ કામનામાટે મન્ત્ર શાસ્ત્રમાં નીલ-લીલા વર્ણે ધ્યાન કરવાનું કહ્યુ છે. ઉપાધ્યાયજીનો નીલ વર્ણ પણ એ માટે છે.

શ્રી ઉપાધ્યાય પદના આરાધકની ભાવના

આ ચોથા પદનો આરાધક આત્મા પોતે આરાધન કરતો એવી દૃઢ ભાવના કેળવે કે 'હું પણ ઉપાધ્યાય પદને યોગ્ય શા માટે ન બનું' યથાર્થ આરાધન માર્ગને ને ભૂમિકાએ લઈ જાય છે. દરેકનુ આરાધન સફલ બનો.

ચોથો દિવસ

પદ-શ્રી ઉપાધ્યાય.
કાઉસગ્ગ ૨૫ લોગસ્સનો.
વર્ણ-લીલો, એક ધાન્યનું તે મગનું આયંબીલ કરવું
ખમાસમણાં-૨૫.

નવકારવાલી-વીસ.
જાપ-ૐ હ્રીં નમો ઉવજ્ઝાયાણં.
પ્રદક્ષિણા તથા સ્વસ્તિક ૨૫

ખમાસમણનો દુહો—

તપ સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગનો ધ્યાતા રે;
ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગભ્રાતા રે. વીર૦
વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈરે;
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈરે. વીર૦

ઉપાધ્યાયપદના ૨૫ ગુણઃ—

૧ શ્રીઆચારાઙ્ગસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપાધ્યાયાય નમઃ
૨ શ્રીસૂત્રકૃતાઙ્ગસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૩ શ્રી સ્થાનાઙ્ગસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૪ શ્રીસમવાયાઙ્ગસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૫ શ્રીભગવતીસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૬ શ્રીજ્ઞાતાસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૭ શ્રીઉપાસકદશાસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૮ શ્રીઅન્તકૃદ્દશાસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૯ શ્રીઅનુત્તરૌપપાતિકસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૧૦ શ્રીપ્રશ્નવ્યાકરણસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૧૧ શ્રીવિપાકસૂત્રપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૧૨ ઉત્પાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપા૦

૧૩ અગ્રાયણીયપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૧૪ વીર્યપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૧૫ અસ્તિપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૧૬ જ્ઞાનપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૧૭ સત્યપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૧૮ આત્મપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૧૯ કર્મપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૨૦ પ્રત્યાખ્યાનપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૨૧ વિદ્યાપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૨૨ કલ્યાણપ્રવાદપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૨૩ પ્રાણાવાયપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપા૦
૨૪ ક્રિયાવિશાલપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપાં૦
૨૫ લોકબિન્દુસારપૂર્વપઠનગુણયુક્તાય શ્રીઉપા૦

અથ ચતુર્થ દિવસેક્ષયાપનીય મોહનીયકર્મ સૂદનાર્થં ચતુર્થ પૂજાષ્ટક પ્રારંભ.

[આ પૂજામાં જોઇતી ચીજોનાં નામ]

(૧ દ્રાખનાં પાણી, ૨ બાવનાચંદન, ૩ જાય, કેવડો અને જાસુલનાં ફૂલ, ૪ દશાંગ ધૂપ, ૫ બે દીવેટનો દીપક, ૬ વીંટિ ચાખંડ, ૭ નૈવેદ્ય, ૮ ફળ.)

અથ પ્રથમ જળપૂજા.

દોહા–સંયુતવિજય સુગુરૂ નમી, માતાપિતા સમ જેહ,
બાળકને પાળકતિમે, આગમનિધિ ગુણગેહ ૧
[illegible] ગુરૂ કેરા, ગુરૂથી શક્તિએ નાથ,
[illegible], મોહનીય [illegible] ૨

કષ્ટ તે કરવું સોહિલું, અજ્ઞાની પશુખેલ;
જાણપણું જગ દોહિલું, જ્ઞાની મોહનવેલ. ૩
અજ્ઞાની અવિધિ કરે, તપ જપ કિરિયા જેહ;
વિરાધક પટ કાયનો, આવશ્યકમાં તેહ. ૪
મૂરખ મુખ આગમ સુણી, પડિયા મોહની પાસ;
આગમ લોપે બિહું જણા, નરય નિગોદે વાસ. ૫
મૂરખસંગ અતિ મળે, તો વસિયે વનવાસ;
પંડિતશું વાસો વસી, છેદો મોહનો પાસ. ૬
કુચ્છા મિચ્છ કષાય સવિ, ભય ધ્રુવબંધિ એહ;
શેષ અધ્રુવબંધિ કહી, મિચ્છ ધ્રુવોદય ગેહ. ૭
સગવીસ અધ્રુવોદય કહી, હવે અધ્રુવ સમ બીસ;
સત્તાથી દૂરે કરો, ધ્રુવસત્તા છવ્વીસ. ૮
મોહની દૂર થયે થકે, નાસે કર્મ સંભાર;
કારણથી કારજ સધે, પૂજા અષ્ટ પ્રકાર. ૯

ઢાળ પહેલી.

(ઓધવ! માધવને કહેજો—એ દેશી)

જળપૂજા જુગતે કરીયે, મોહની બંધ ઠાણ હરિયે, વિનતડી પ્રભુને કરીયે રે, ચેતન ચતુર થઇ ચૂકયો, જિનગુણ મોહવશે મૂકયો રે. ચે૦ ૧ જીવ હણ્યા ત્રસ જળ ભેટી, દેઈ ફાસો મોધર ફૂટી, મુખ દાબી વાધર વેંટી રે. ચે૦ ૨ કલેશ શમ્યા ઉદેરણીયા, અરિહા અવગુણ મુખ ભણિયા, બહુ પ્રતિપાલકને હણિયા રે. ચે૦ ૩ ધર્મી ધર્મથી ચૂકવિયા, સૂરિ પાઠક અવગુણ લવિયા, શ્રુતદાયક ગુરૂ હેલવિયા રે. ચે૦ ૪ નિમિત વશીકરણે ભરિયો, તપસી નામ વૃથા ધરીયો,

પંડિત વિનય નવિ કરિયો રે, ચે૦ ૫ ગામ દેશ ઘર પરજાળ્યાં, પાપ કરી અન્ય શિર ઢાળ્યાં, કપટ કરી બહુ જન વાળ્યાં રે. ચે૦ ૬ બ્રહ્મચારી થઇ ગવરાણો, પરદારશું મુંઝાણો, પરધન દેખી હુલવાણો રે. ચે૦ ૭ પરદ્રોહી મિથ્યાભાષી, વિશ્વાસઘાતી કૂડશાખી, મુનિ છંડી સેવ્યા ખાખી રે. ચે૦ ૮ મોહની બંધ કરી ફરિયો, સિત્તેર કોડાકોડી સાગરિયો, હવે તુમ શાસન અવતરિયો રે. ચે૦ ૯ શ્રી શુભવીર મયા કીજે, જિમ સેવક કારજ સીઝે, વાંક ગુનો બક્ષી દીજે રે, ચેતન ચતુર થઇ ચૂકયો. ૧૦

કાવ્યં—તિર્થોદકૈઃ ૧ સુરનદી૦ ૨ જનમનો૦ ૩ (પૃષ્ઠ ૫૦ માં)

મંત્ર—ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ મોહનીયબંધસ્થાનનિવારણાય જલં ય૦ સ્વાહા.

(ઇતિ મોહનીયબંધસ્થાનનિવારણાર્થં પ્રથમ જલપૂજા સંપૂર્ણ.)

દ્વિતીય ચંદનપૂજા.

દોહો:—બીજી ચંદનપૂજના, પૂજો ભેળી કપૂર;
અડવીસ પયડી માંહેથી, ચારિત્ર મોહની દૂર. ૧

ઢાળ બીજી.

(ગાન મિલ્હાન મિત્રાવર-નાઃ નદિ સાજણા સાંઈ સલુણા-એ દેશી)

ચંદનપૂજા ચતુર રચાવે, મોહ મહીપતિ મહેલ ખચાવે, ચંદન૦ ચારિત્રમોહની મૂળ જળાવે, જિનગુણ ધ્યાન અનલ સળગાવે. ચં૦ ૧ ચાર અનંતાનુબંધિ વિષધર, સુર વસુદત્ત મુનિરૂપ ધરાવે, ચં૦ રૂપ નાગ એક નાગણી મહોટી, પડિમા... નાગદત્ત ડસાવે. ચં૦ ૨ ... ચારતુ નિ

રહેવે, સજ્જનને એણી પરે સમજાવે, ચં૦ નરક લહે સમકિત ગુણઘાતે, અંતે સમાધિપણું નવિ પાવે. ચં૦ ૩ ચાલીસ સાગર કોડાકોડી, બંધ ઉદય સાસ્વાદન ભાવે, ચં૦ આઠમે ગુણઠાણે વિસ સત્તા પર્વત રેખા ક્રોધ કહાવે. ચં૦ ૪ આઠ ફણાલો માન મણિધર, પથ્થરથંભને કોણ નમાવે, ચં૦ ઘનવશી મૂળ માયા નાગણી, લોભ કરમજી રંગ કોણ હઠાવે. ચં૦ ૫ મેં વશ કીધા મુનિ કિરિયાથી, મંત્રમણિ મોહ રે વશ નાવે, ચં૦ જાગુલી વાદીને પાણી ભરાવે, નાગદત્ત વાસુદત્ત જગાવે. ચં૦ ૬ સામાયિક દંડક ઉચરાવે, એ સમો મંત્ર ન કો જગ આવે, ચં૦ શ્રીશુભવીરના શાસન માંહે, નાગદત્ત અક્ષયપદ પાવે. ચંદન૦ ૭

કાવ્યં—જિનપતે૦ ૧ સહજકર્મં૦ ૨ (પૃષ્ટ ૫૧-૫૨ માં)

મંત્ર—ૐ હ્રીં શ્રીં પરમ૦ અનંતાનુબંધિદહનાય ચંદનં ય૦ સ્વાહા.

(ઈતિ અનંતાનુબંધિદહનાર્થં દ્વિતીય ચંદનપૂજા સંપૂર્ણ.)

તૃતીય પુષ્પપૂજા.

દોહો—અપચ્ચખ્ખાણી ચોકડી, ટાળી અનાદિની ભૂલ;
પરમાતમ પદ પૂજીયે, કેતકી જાયને ફૂલ. ૧

ઢાળ ત્રીજી.

(રાણીઓ રૂએ રંગ મહેલમાં રે—એ દેશી.)

ફૂલપૂજા જિનરાજનીરે, વિરતિને ઘરબાર રે. સનેહા.
તે ગુણલોપક અપચ્ચખ્ખાણીરે, જે ક્રોધાદિક ચાર રે, સ૦ ચાર ચતુર ચિત્ત ચોરટા રે, મોહ મહીપતિ ઘેર રે. સ૦ ચા૦૧ ચાલીસ સાગર કોડાકોડીરે, બંધથિતિ અનુસાર રે, સ૦

ઉદયવિપાક અબાધાકાળેરે, વર્ષ તે ચારહજાર રે. સ૦ ચા૦ ૨ બંધ ઉદય ચોથે ગુણે રે, નવમે સત્તા ટાળ રે, સ૦ વર્ષ લગે તે પાપ કરી રે, ન ખમાવે ગુરૂ બાળ રે. સ૦ ચા૦ ૩ તિર્યંચની ગતિ એહવી રે, પુઢવીરેખા ક્રોધ રે, સ૦ અસ્થિ નમાવ્યું વરષે નમેરે, બાહૂબલી નરયોધરે. સ૦ ચા૦ ૪ માયા મિંઢા સિંગ સરીસી રે, લોભ છે કર્દમ રંગરે, સ૦ અનીતિપુરે વ્યવહારિયો રે, રણઘંટાને સંગરે. સ૦ ચા૦ ૫ ચાર ધૂતારા વાણિયારે, પાસેથી વાળ્યું વિત્તરે, સ૦ રત્નચૂડ પરે શુભવીર શું રે, લાગે ચતુરનુ ચિત્તરે. સ૦ ચા૦ ૬

કાવ્યં—સુમનસાં૦ ૧ સમયસાર૦ ૨ (પૃષ્ટ ૫૩માં)

મંત્ર—ૐ હ્રીં શ્રીં પરમ૦ અપ્રત્યાખ્યાનિ નિવારણાય પુષ્પાણિ ય૦ સ્વાહા.

(ઇતિ અપ્રત્યાખ્યાનિ નિવારણાર્થં તૃતીય પુષ્પપૂજા સંપૂર્ણ.)

ચતુર્થ ધૂપપૂજા.

દોહો—પ્રત્યાખ્યાની ચોકડી, દહન કરવા ધૂપ;
પૂજક ઉર્ધ્વગતિ લહે, વળી ન પડે ભવકૂપ. ૧

ઢાળ ચોથી

(અને હાં રે વાલ્હોજી વાગે છે વાંસળી રે–એ દેશી.)

અને હાંરે ધૂપ ધરો જિન આગળે રે, કૃષ્ણાગરૂ ધૂપ દશાંગ, ભવિ બલી ગુણઠાણની રે, અને હાં રે ધૂપધાણું રયણે જડ્યુ રે, ઘડ્યુ જાત્યમયી કનકાંગ, ભવિ૦ અને હારે ધૂપ૦ ૧ અ૦ મુનિવરરૂપ ન દાખવે રે, ચિતિ બંધ પુરવની રીત, ભવિ૦ અ૦ બંધોદય ગુણઠાણે પાંચમે રે, હવે ક્ષાયક [illegible] ભવિ૦ અ૦ ધૂ૦ ૨ અ૦ સોલ સામતને ભાળવી રે,

વચ્ચે ઘેરી હણ્યા લઈ લાગ, શ્રેણિ૦ અ૦ નાઠા આઠે સેનાપતિ રે, નવમાને બીજે ભાગ. શ્રેણિ૦ અ૦ ધૂ૦ ૩ અ૦ ચઉમાસા લગે એ રહે રે, મરણે નરની ગતિ જાણ શ્રે૦ અ૦ રજ રેખા સમ ક્રોધ છે રે, કઠથંભ સમાણો માન; શ્રેણિ૦ અ૦ ધૂ૦ ૪ અ૦ માયા ગોમૂત્ર સારખી રે, છે લોભ તે ખંજન રંગ, શ્રેણિ૦ અ૦ મુનિવર મોહને નાસવે રે, રહી શુભવીરને સંગ. શ્રેણિ૦ અ૦ ધૂ૦ ૫

કાવ્યં—અગરમુખ્ય૦ ૧ નિજગુણાક્ષય૦ ૨ (પૃષ્ટ ૫૪ માં)

મંત્ર—ॐ હ્રીં શ્રીં પરમ૦ પ્રત્યાખ્યાનિદહનાય ધૂપં ય૦ સ્વાહા.

(ઇતિ પ્રત્યાખ્યાનિઃદહનાર્થે ચતુર્થ ધૂપપૂજા સપૂર્ણ.)

પંચમ દીપકપૂજા.

દોહો—સંજ્વલનાની ચોકડી, જબ જાયે તવ ગેહ;
જ્ઞાનદીવો પરગટ હુવે, દીપકપૂજા તેહ. ૧

ઢાળ પાંચમી.

(ચંદ્રપ્રભ જિન ચંદ્રમા રે–એ દેશી)

જગદીપકની આગળે રે, દીપકનો ઉદ્યોત. સંજ્વલનો જ્વલતે થકે રે, ભાવ દીપકની જ્યોત. હો જિનજી. ૧ તેજે તરણીથી વડો રે, દોય શિખાનો દીવડો રે, ઝગકે કેવળ જ્યોત. એ આંકણી. બંધસ્થિતિ પૂરવ પરે રે, સંજ્વલનો તિગ જાણ, બંધ ઉદય સત્તા રહે રે, અનિયટ્ટિ ગુણઠાણ હો જિનજી. તે૦ ૨ લોભદશા અતિ આકરી રે, નવમે બંધ પળાય, ઉદય ને સત્તા જાણિયે રે, જે સૂક્ષ્મ સંપરાય. હો જિનજી. તે૦ ૩ સાહિબ શ્રેણિ સંચર્યા રે, લોભનો

ખંડ પ્રચંડ, ગુણઠાણા સરિખો કરી રે, ખેરવ્યો ખંડાખંડ. હો જિનજી. તે૦ ૪ પક્ષલગેં ગતિ દેવની રે, જળરેખા સમ ક્રોધ, નેત્રલતા સમ માનથી રે, ચરમ ચરણનો રોધ. હો જિનજી. તે૦ ૫ માયા અવલેહી સમી રે, લોભ હરિદ્રા રંગ, ક્ષાયક ભાવે કેવળી રે, શ્રી **શુભવીર** પ્રસંગ હો જિનજી. તેજે૦ ૬

કાવ્યં—ભવતિ દીપ૦ ૧ શુચિમનાત્મ૦ ૨ (પૃષ્ઠ ૫૫ મા)

મંત્ર—ૐ હ્રીં શ્રીં પરમ૦સંજ્વલનજ્વલનાય દીપં ય૦સ્વાહા.

(ઇતિ સંજ્વલનજ્વલનાર્થં પંચમ દીપકપૂજા સંપૂર્ણ.)

ષષ્ઠ અક્ષતપૂજા.

દોહો—નવ નોકષાય તે ચરણમાં, તે રાગદ્વેષ પરિણામ;
કારણ જેહ કષાયનાં, તિણ નોકષાય તે નામ. ૧

ઢાળ છઠ્ઠી.

(સંભવ જિન જઇ વસિયે ચાલોને સખિ !–એ દેશી.)

વીર કને જઈ વસિયે, ચાલોને સખિ ! વીર કને જઇ વસિયે, અક્ષતપૂજા જિનની કરતાં, અક્ષયમંદિર વસિયે, હાસ્યાદિક ષટ્ ખટપટકારી, તાસ વદન નવિ પસિયે. ચા૦ ૧ હાસ્ય રતિ દશ કોડાકોડી, સાગર બંધન કસિયે, અરતિ ને ભય શોક દુગંછા, વિશ કોડાકોડી ખસિયે. ચા૦ ૨ ભય રતિ, હાસ્ય, દુગંછા અપૂરવ, શેષ પ્રમત્ત બંધ ધસિયે, ઉદય અપૂરવ સત્તા નવમે, પંચમ ભાગે નસિયે. ચા૦ ૩ હાસ્ય (કમો.ઉદરના મુનિ દેખે, ચોકઠમપતિ મોહ વસિયે, મો. ૩ નદિપાના મુખી પડિમા, કાઉસ્સગ્ગમાં મુનિ હસિયે. ચા૦ ૪ મોહની હાસ્ય વિનોદે વસતા, જેમ તેમ મુખથી ભસિયે

કોઈ દિન રતિ કોઈ દિન અરતિમાં, શોક મસિ લેઇ ઘસિયે. ચા૦ ૫ સંસારે સુખ લેશ ન દીઠું, ભયમોહની ચિહું દિશિયે, ચરણ દુગંચ્છા ફગ ચંડાળે, જન્મ મેતારજ ઋડપિયે. ચા૦ ૬ મોહમહિપતિ મહા તોફાને, મુંઝાણા અહનિશિયે, શ્રી શુભવીર હજૂરે રહેતાં, આનંદ લહેર વિલસિયે. ચા૦ ૭

કાવ્યં—ક્ષિતિતલે૦ ૧ સહજભાવ૦ ૨ (પૃષ્ટ ૫૬મા)

મંત્ર—ૐ હ્રીં શ્રીં પરમ૦ હાસ્યષટ્કનિવારણાય અક્ષતં ય૦ સ્વાહા.

(ઇતિ હાસ્યષટ્કનિવારણાર્થં ષષ્ટ અક્ષતપૂજા સંપૂર્ણ)

સપ્તમ નૈવેદ્યપૂજા.

દોહો—આહારે વેદ ઉદય વધે, જેહથી બહુ જંજાળ;
નિર્વેદી આગળ ઠવો ભરી નૈવેદ્યનો થાળ. ૧

ઢાળ સાતમી.

(અમે જાણ્યા તમારી વાત રે—એ દેશી.)

મળીને વિછડશો નહીં કોય રે, મન માન્યા મોહનને મળી. એ આંકણી. વેદે વાહ્યો જીવ, વિષયી થયો, ભવમાહે ઘણું ભટકાય રે, મન૦ મોહની ઘર વસ્યો, મોહની ખોળતો, મળે મોહન ન ઓળખાય રે. મન૦ ૧ જે ગુણશ્રેણે ચડ્યા, વેદ ઉદયે પડ્યા, આષાઢાભૂતિ મુનિરાય રે, મન૦ એમ અનેક તે ચૂકયા, તપબળ વને મૂકયા, શકયા નહીં વેદ છૂપાય રે. મન૦ ૨ મહાનિશીથે કહ્યા ભવ બહુલ લહ્યા, વેદ ઉદયરૂપી રાય રે, મન. વેદવિલુદ્ધા પ્રાણી કરે સંપદહાણી, રાવણ નમે સીતાના પાય રે. મન૦ ૩ દેવ અચ્યુતનિવાસી, પૂરવપ્રિયા પાસી, મણુઅ નારીશું લપટાયરે, મન૦ પન્નવણાયે

કહ્યા, વેદવિવશ રહ્યા, ઘર છંડી વિદેશે જાય રે. મન૦ ૪ ગળે ફાંસો ધરે, ઝંપાપાત કરે, માત પિતાશું ન લજાય રે, મ૦ વેદ ત્રિહું ઉદયાણે, નવમે ગુણઠાણે, મિથ્યાતે નપું બંધાય રે. મ૦ ૫ નવમ દુજા સુધી, પુરૂપ પ્રિયા બંધી, હવે સત્તાથી છેદાય રે, મ૦ નર નપુંસક નારી, નવમેથી હારી, પટ્ ત્રણ્ય ચોથાને ભાય રે. મન૦ ૬ નરીથ્થી નપું જોડી, સાગર કોડાકોડી; દશ પન્નર વીશ કહાય રે, મન૦ વેદે નડયો, જડયો, સંસારી ઘડયો, નિર્વેદી ચડયો નહીં છાય રે. મન૦ ૭ અબ તું સ્વામિ મળ્યો, નરભવજ ફળ્યો, નૈવેદ્ય પૂજા ફળદાય રે, મન૦ શ્રી શુભવીર હજૂરે, રહો આનંદ પૂરે, ભવવેદન વિસરી જાય રે, મન માન્યા મોહનને૦ ૮

કાવ્યં—અનશનં૦ ૧ કુમતબોધ૦ ૨ (પૃષ્ટ ૫૭ માં)

મંત્ર—ૐ હ્રીં શ્રીં પરમ૦ વેદનિકસૂદનાય નૈવેદ્યં ય૦ સ્વાહા.

(ઇતિ વેદનિકસૂદનાર્થં સપ્તમ નૈવેદ્યપૂજા સંપૂર્ણ.)

અષ્ટમ ફલપૂજા.

દોહો—મોહ મહાભટ કેસરી, નામે તે મિથ્યાત;
ફળપૂજા પ્રભુની કરી, કરીશુ તેહનો ઘાત. ૧

ઢાળ આઠમી.

(રાગ વસંત–ધમાર–ઐસો મેરે સજના–એ દેશી.)

મોહ મહિપતિ મહેલમેં બેઠે, દેખે આયો વસંત, સજના૦ વીરજિણંદ રહે વનવાસે, મોહકો ન્યારો ભગવંત ચતુર કે ચિત્ત ચંદ્રમા હો. ૧. મંજરી પિંજરી કોયલ ટહુકે, દુઃખીઓ નરરાવ, સજના. ધર્મરાજ જિનરાજજી

ખેલે, હોરિ ગોરી અજ્જવીકાય ચ૦ ૨. સંતોષ મંત્રી વડો મુખ આગે, સમકિત મંડળી ભૂપ લલના. સામંત પંચ-મહાવ્રત છાજે, ગાજે મદ્દવ ગજ રૂપ ચ૦ ૩. ચરણ કરણ ગુણ પ્યાદલ ચાલે, સોનાની શ્રુતબોધ, લલના. શીલાંગરથ શિર સાંઇ સુહાવે, અધ્યવસાય જસ યોધ. ચ૦ ૪. મોહ-રાય પણ ઈણ સમે આયો, માયાપ્રિયા સુત કામ, લલના. મંત્રી લોભ ભટ દુર્દ્ધર ક્રોધા, હાસ્યાદિ ષટ્‌રથ નામ. ચ૦ ૫. મિથ્યાતમંડળી રાય અટારો, બંધ ઉદય નિજઠાણ લલના. સમકિત મિશ્રમોહની લઘુ ભાઈ, ઉદયે સત્તમ સમ્મ જાણ ચ૦ ૬. સિત્તેર સાગર કોડાકોડી, મિથ્યાત્વનો સ્થિતિબંધ લલના. સત્તા ત્રણયની અડ ગુણઠાણે, માનહસ્તીયે ચાહે ધંધ ચ૦ ૭. તસ રક્ષક મન જિન પલટાયો, મોહ તે ભાગો જાય લલના. ધ્યાન કેશરિયા કેવળ વરીયા, વસંત અનંત ગુણ ગાય ચ૦ ૮. તે શુભવીર જિણંદે દાખ્યો, કર્મસૂદન તપ એહ, લલના. તપફળ ફળપૂજા કરી યાચો, સાચો સાંઈશું કરો નેહ. ચતુરાં૦ ૮.

કાવ્યં—શિવતરો૦ ૧ શમરસૈ:૦ ૨ (પૃષ્ઠ ૫૮ માં)

મંત્ર—ૐ હ્રીં શ્રીં પરમ૦ દર્શનમોહનીયનિવારણાય૦ ફલાનિ ય૦ સ્વાહા.

કલશ—ગાયો ગાયો રે મહાવીર૦ (પૃષ્ઠ ૫૮-૫૯-૬૦)

(ઇતિ દર્શનમોહનીયનિવારણાર્થં અષ્ટમફલ પૂજા સંપૂર્ણ.)

ઇતિ ચતુર્થદિવસેઽધ્યાપનીય મોહનીયકર્મ સૂદનાર્થં

વસતિ પ્રમુખ નવ બ્રહ્મચર્ય વાડથી જેઓ સુરક્ષિત છે. ક્ષાન્તિ વગેરે દસ સાધુ ધર્મને જેઓ આદરે છે. બાર સાધુ પ્રતિમા અને બાર તપને જેઓ આરાધે છે. આ મોક્ષ સાધનાની વાનગીથી આમ અનેક પ્રકારે સાધુઓ આત્મસાધના કરે છે.

વન્દન હો સાચા સાધક સકલ સાધુ ભગવંતોને!

સાધુપદનું આરાધન ૨૭ પ્રકારે શા માટે?

પાંચમું સાધુપદ ૨૭ પ્રકારે આરાધ્ય છે. કારણ કે સાધુના ગુણ ૨૭ છે.

છ વ્રત, છ જીવકાયની રક્ષા, પાંચ ઈન્દ્રિયનો નિગ્રહ, લોભ ત્યાગ, ક્ષમા, ભાવવિશુદ્ધિ, પ્રતિલેખન વગેરે કરણ વિશુદ્ધિ, સંયમયોગનું સેવન, કુશલ મન, વિશુદ્ધ વચન, નિર્મલ કાયા, શીતાદિ પરિસહોનું સહેવુ, મારણાન્તિક સુધીના ઉપસર્ગોમાં પણ અડગપણું એ ૨૭ ગુણો છે. આ ૨૭ ગુણો એક પ્રકારે ગણાવ્યા છે. જુદી જુદી રીતે અનેક પ્રકારે ૨૭ ગુણો ગણાવી શકાય છે. શાસ્ત્રમાં સત્યાવીશ પ્રકારે ૨૭ ગુણો ગણાવ્યા છે. તે ૨૭ ગુણો પ્રાપ્ત કરવા માટે ૨૭ પ્રકારે આરાધન કરાય છે.

સાધુપદનો વર્ણ શ્યામ શા માટે?—

સાધુ પદનો વર્ણ શ્યામ-કૃષ્ણ છે, તેના હેતુઓ આ પ્રમાણે છે—

(૧) આચાર્ય પદ રૂપ સુવર્ણની પરીક્ષા સાધુ ધર્મરૂપ કસોટીથી થાય છે. સાધુધર્મની કસોટીમાંથી પસાર થયા વિના સાધુ આચાર્યપદ સુવર્ણની કાંઇ કિંમત નથી. કસોટીનો પત્થર શ્યામ હોય છે, સાધુ પદ પણ શ્યામ છે.

(૨) સાધુઓ જૈન સામ્રાજ્યમાં સૈનિક સમા છે એ સૈન્ય જેટલું મજબૂત ને વિશાળ તેટલુજ જૈન સામ્રાજ્ય મજબૂત ને વિશાળ છે. સૈન્યની મજબૂતીનો આધાર તેની યુદ્ધ સામગ્રી ઉપર છે. શસ્ત્રાસ્ત્ર સર્વે લોહમય હોય છે લોઢાના મજબૂત બખ્તર–કવચથી પોતાનું રક્ષણ કરતો શસ્ત્રધારી યોધો જ્યારે રણે ચઢયો હોય ત્યારે શત્રુને સાક્ષાત્ શ્યામવર્ણો યમરાજ સામે ન આવ્યો હોય એમ લાગે. સાધુ પદનો શ્યામ વર્ણ મોહાદિ શત્રુ સામે યમસમા કવચધારી યોધાના ભાવને સમજાવે છે

(૩) જ્ઞાનધ્યાન ને ક્રિયાની સાધનામાં સતત તત્પર સાધુઓ રહે છે. સતત શ્રમશીલ સાધુઓના શ્રમને સ્પષ્ટ જણાવતો વર્ણ શ્યામ છે. શ્યામ વર્ણ શ્રમસૂચક છે તે સહેજે સમજાય એવું છે.

(૪) સાધુ ધર્મની આરાધનામાં બાહ્ય મલિનતાથી દુગુંછા–જુગુપ્સા કરવાની નથી શરીર–વસ્ત્ર મલિન હોય તેથી કાંઇ સાધુતામાં ક્ષતિ આવતી નથી, સાધુતાની ક્ષતિ તો શરીરને વસ્ત્રને ન્હાઇ–ધોઇને ટાપટીપ કરવામાં છે. મલિનતાની ચીડ દૂર કરવાને સાધુઓનો શ્યામ વર્ણ છે. જો શ્યામ વર્ણ પ્રત્યે પ્રેમ જાગૃત થઇ જાય તો સાધુ ધર્મ ગમી જાય, ને એ ન ગમે ત્યાં સુધી કાંઇ નથી.

(૫) વર્ણોનો વિકાસ પણ ઉત્તરોત્તર આ ક્રમથી થાયછે. ગુણિઓમાં અન્તિમ સાધુ પદ છે ને વર્ણોમાં અન્તિમ કૃષ્ણ વર્ણ છે છેલ્લાની સાથે છેલ્લા વર્ણને યોગ એ સુયોગ છે–ઉચિત છે.

